ધ્વનિલ પારેખ વિનોદ ગાંધી માય ડિયર જ્યુ દિલાવરસિંહ જાડેજા
શરીફા વીજળીવાળા હેમંત દવે ડંકેશ ઓઝા કીર્તિદા જોશી અમી જોશી

પ્રત્યક્ષ

પ્રત્યક્ષ

વર્ષ ૧૦ અંક ૨ એપ્રિલ - જૂન ૨૦૦૧
સંપાદક રમણ સોની

અનુક્રમ

એપ્રિલ - જૂન ૨૦૦૧

પ્રત્યક્ષીય : સંપાદક ૩

સમીક્ષા

તારાપણાના શહેરમાં (કવિતા : જવાહર બક્ષી) ધ્વનિલ પારેખ ૭

કેફ (કવિતા : દિનેશ દેસાઈ) વિનોદ ગાંધી ૯

દશ્મન (વાર્તા : બિપિન પટેલ) માય ડિયર જ્યુ ૧૧

અદશ્ય દીવાલો (વાર્તા : માવજી મહેશ્વરી) દિલાવરસિંહ જાડેજા ૧૩

મિશ્ર લોહી (નવલકથા : ઈવા ડેવ) શરીફા વીજળીવાળા ૧૬

કન્ટ્રીબ્યુશન... ટુ સંસ્કૃત લિટરેચર (વિવેચન-સંપાદન : સંપા. ગૌતમ પટેલ) હેમંત દવે ૨૧

વિવિદિષા (પત્રકારત્વ : જે. આર. વઘાશિયા) ડંકેશ ઓઝા ૨૭

સામયિકલેખ-સૂચિ : ૨૦૦૦

કીર્તિદા જોશી, અમી જોશી ૩૧

*

સ્વીકાર-મિતાક્ષરી ૪૧

આ અંકના લેખકો ૩૦

કેટલાંક અનિવાર્ય કારણોસર આ અંકના પ્રકાશનમાં
વિલંબ થયો છે. વિલંબ માટે ક્ષમાપ્રાર્થી છીએ.

વર્ષ ૧૦ અંક ૨ એપ્રિલ - જૂન ૨૦૦૧ સળંગ અંક ૩૮

પ્રકાશક અને મુદ્રક શારદા સોની ઈ-૨ તારાબાગ પોલિટેકનીક વડોદરા ૩૯૦ ૦૦૨
મુદ્રણાંકન અને મુદ્રણસજ્જા આકાશ સોની કલ્પન મુદ્રાંકન ઈ-૨ તારાબાગ પોલિટેકનીક વડોદરા-૨. ફોન ૭૯૧૩૯૮.
મુદ્રણસ્થાન મધુ પ્રિન્ટરી, કારેલીબાગ, વડોદરા ૩૯૦૦૧૮
સંપાદક રમણ સોની *પરામર્શક* શિરીષ પંચાલ *'પ્રત્યક્ષ' અક્ષરાંકન* જયદેવ શુક્લ

લવાજમ અંગેની વિગતો

વાર્ષિક રૂ. ૧૦૦ દ્વિવાર્ષિક રૂ. ૧૮૦
આજીવન સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૧૦૦૦
શુભેચ્છક સભ્યપદ : વ્યક્તિ તેમજ સંસ્થા રૂ. ૨૦૦૦ લવાજમની રકમ હાથોહાથ, મનીઑર્ડરથી કે ડ્રાફ્ટથી મોકલી શકાશે. બહારગામના ચેક સ્વીકારાતા નથી. **ચેક/ડ્રાફ્ટ 'શારદા સોની પ્રકાશક પ્રત્યક્ષ' એ નામે જ લખશો. મ. ઑ. મોકલનારે સંદેશાની જગ્યાએ પોતાનું પૂરું સરનામું અવશ્ય લખવું.**

લવાજમ મોકલવાનાં સરનામાં

વડોદરા : શારદા સોની ઈ-૨ તારાબાગ પોલિટેકનીક વડોદરા ૩૯૦ ૦૦૨

હાથોહાથ લવાજમ નીચેનાં સરનામે પણ આપી શકાશે : (અહીં મ.ઑ. કે ચેક ન મોકલવાં)
મુંબઈ : નીતિન મહેતા ૪૦૧/બી, શિલ્પા ટૅરેસ (ન્યૂ), શિમ્પોલી રોડ બોરિવલી(પ.) મુંબઈ ૪૦૦૦૯૨
ભાવનગર : જયંત મેઘાણી પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ ભાવનગર ૩૬૪૦૦૨
રાજકોટ : નીતિન વડગામા 'તાંદુલ', વિમલનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ ૩૬૦૦૦૫
અમદાવાદ : ઈમેજ પબ્લિકેશન્સ ૧-૨ અપર લેવલ, સેન્ચૂરિ માર્કેટ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૦૬
(ઈમેજમાંથી છૂટક નકલ પણ મળી શકશે. આ અંકની કિંમત રૂ. ૪૦.)

'પ્રત્યક્ષ'નું લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર મુજબ ગણાય છે એટલે અધવચ્ચે લવાજમ ન મોકલતાં ડિસેમ્બર (ભોડામાં મોડું ફેબ્રુઆરી) સુધીમાં લવાજમ મોકલી આપવા વિનંતી

'પ્રત્યક્ષ' વર્ષમાં ચાર વાર – માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરના અંતે – પ્રકાશિત થાય છે. એના પંદરેક દિવસમાં અંક ન મળે તો, સ્થાનિક ટપાલ-કચેરીમાં તપાસ કર્યા પછી, જાણ કરવી.

સંપાદકીય પત્રવ્યવહાર

રમણ સોની ઈ/૨ તારાબાગ પોલિટેકનીક વડોદરા ૩૯૦ ૦૦૦૨ ફોનઃ (૦૨૬૫) ૭૯૧૩૯૮.

હજુ હમણાં તો ભાયાણીસાહેબ અને જયંતભાઈ કોઠારી આપણી વચ્ચેથી વિદાય પામ્યા એનો આઘાત શમ્યો નથી ત્યાં બીજા બે શક્તિમંત લેખકો ભોગીભાઈ અને દિગીશભાઈની વિદાયે આપણા અવકાશને વધારે મોટો ને ભારઝલ્લો બનાવી દીધો.

લેખકોનાં અવસાન એમના મહત્તાભર્યા આખાય કામને આપણી સામે ખડું કરી દે છે – વ્યક્તિ વિદાય પામે છે ને એનાં કાર્યો, એના બધા લક્ષણવિશેષો ને વિલક્ષણતાઓ સમેત, જાણે કે એકસાથે મૂર્ત થઈ ઊઠે છે. અને એ આપણી સંપત્તિ બનવાની સાથે જ આપણું ઉત્તરદાયીત્વ પણ બની રહે છે. એમના કામને મૂલવીને, એની રેખાઓ ચોખ્ખી કરીને, પછી એક પ્રકારનું, મમત્વ વિનાનું અનુસંધાન કેળવવાનું રહે છે....

ભોગીભાઈ, અને 'મિતાક્ષર'

ભોગીલાલ ગાંધી (૨૬.૧.૧૯૧૧ - ૧૦.૬.૨૦૦૧) જેટલા કર્મશીલ એટલા જ વિચારક ને એવા જ સક્રિય લેખક-સંપાદક. સ્વાતંત્ર્ય સત્યાગ્રહી તરીકે જેલવાસ લીધો, ત્યાંથી

નીકળી સામ્યવાદી પક્ષના કાર્યશીલ સભ્ય બન્યા ને પ્રગતિશીલ લેખકમંડળ સ્થાપ્યું. પ્રતીતિઓ બદલાતાં સામ્યવાદ છોડ્યો, વિનોબા-જયપ્રકાશના માર્ગે વળ્યા. જનતા મોરચાની રચનામાં સંકળાયા ને છેલ્લે, કટોકટી સામેના આંદોલનમાં સક્રિય થયા. અરધી સદી સુધીની આ સક્રિયતા જેટલી સ્ફૂર્તિ-વેગવાળી એટલી જ સમજપ્રેરી – બલકે ઊંડાં વિચાર-વાચન-વિમર્શથી પ્રેરાયેલી રહી.

લેખક-સંપાદક તરીકેની કારકિર્દી પણ વિવિધ અને વિલક્ષણ! કવિતા, વાર્તા જેવા સર્જનાત્મક લેખન સાથે જ એમણે પ્રવાસ, ચરિત્ર, ઇતિહાસ, ચિંતન, વિવેચન, અનુવાદ ને સંપાદનમાં શક્તિઓ પ્રયોજી. ૧૯૫૮થી 'વિશ્વમાનવ'નું સંપાદન આરંભીને સામ્પ્રત સાહિત્ય અને જીવન-વિચારના બલિષ્ઠ પ્રવાહોને ઝીલવા-ઉપસાવવાની મહત્ત્વની કામગીરી કરી, ને એથીય મહત્ત્વની એમની સંપાદનસેવા તે ૧૯૬૭થી આરંભાઈને, એમના સંપાદનમાં ૨૭ ગ્રંથો આપતી, વિવિધ વિદ્યાક્ષેત્રોનાં કામનો હિસાબ આપતી, અત્યંત ઉપયોગી, 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણી.

સીધા સાહિત્ય-વિવેચનના નહીં પણ સાહિત્યની દિશાના કેટલાક વ્યાપક સંદર્ભોને લઈને અભ્યાસો રજૂ કરતા, ઉમાશંકરે કહેલું એમ 'આપણી સાહિત્યવિચારણામાં ખૂબ ઉપયોગી પીઠિકા રચી આપતા' એમના પુસ્તક 'મિતાક્ષર'(૧૯૭૦) વિશે બે વાત.

આ પુસ્તકના લેખોની વિશેષતા એ છે કે એમાં વિચારણાનાં ચુસ્તી ને લાઘવ તો છે જ, ઉપરાંત એમાં અધ્યયન-લેખના સ્વરૂપની(પદ્ધતિની) શાસ્ત્રીય ચુસ્તી પણ છે. વીસ પાનાંનો લેખ હોય એમાં પણ કશું શિથિલ કે લહેરાતું નહીં – સંદર્ભસજ્જતા ને અભ્યાસનિષ્ઠાથી એ સઘન-સુબદ્ધ હોય. 'અસ્તિત્વવાદ – એક વિશ્લેષણ', 'પશ્ચિમમાં જીવનમૂલ્યોની સ્થિતિ ને તેની મથામણ' જેવા અગત્યના લેખોમાં પુષ્કળ સંદર્ભનિર્દેશો છે, સમર્થક અવતરણો છે (પણ ઉદ્ધરણઅતિરેક નથી). સાર્ત્ર, કામૂ-કાફકા, બૉદલેર-મલાર્મે-રિલ્કેના સાહિત્યના સંદર્ભો સાથે એમનાં 'રિબેલ', 'મિથ ઑફ સિસિફસ', 'બિયોન્ડ એક્ઝીસ્ટન્શ્યાલિઝમ' આદિના પણ સંદર્ભોથી લેખ સમૃદ્ધ ને વ્યાપક ફલકવાળો થયો હોય. ભોગીભાઈનો લેખ મુદ્દાસર લેખનના આયોજનવાળો હોય : ૧, ૨ ,૩ એવા વિભાગો ને ૩(૧), ૩(૨) જેવા પેટાવિભાગો-પૂર્વકનું એમના લેખનું માળખું રચાયેલું હોય. માંડણી લક્ષ્યગામી, પર્યાપ્ત સઘન ભૂમિકા. (ભોગીભાઈની લખાવટમાં વિશદતાનો ભોગ લેવાયેલો હોય એવું, ક્યારેક, લાગે ખરું.) સંશોધન-દીક્ષિતોએ એમના લેખોના પરિરૂપનો પણ અભ્યાસ કરવા જેવો છે.

સાતમા દાયકામાં થયેલાં પરિષદનાં જ્ઞાનસત્રોમાંથી ચાર જ્ઞાનસત્રોમાં ભોગીભાઈએ અભ્યાસનિબંધો રજૂ કરેલા, એ એક વિગત તરીકે પણ દ્યોતક છે – ઉપર નિર્દેશેલા બે લેખો ઉપરાંત 'સાહિત્ય અને રાષ્ટ્રીય એકાત્મકતા' તથા 'સમૂહ માધ્યમો' એમનાં જ્ઞાનસત્ર-વક્તવ્યો છે. એમના ઘણા લેખોમાં વિચારણા સ્પષ્ટ, ને ઉત્તેજક હોય છે. ૧૯૬૪માં લખાયેલા 'સમૂહ માધ્યમો'માંથી બે-ચાર વિચાર ટાંકવા પર્યાપ્ત થશે : (૧) માસ-સોસાયટીએ કેન્દ્રવાદ રચીને આભાસી ઉન્નતતા ભલે દેખાડી હોય પણ નીચેથી તો એ ઊખડેલી – 'ઉન્મૂલ' – છે. (૨) માસ-મીડિયાએ સાહિત્ય પર આક્રમણ કર્યું. કલાસાહિત્યક્ષેત્રે સસ્તા ને સર્વભોગ્ય ઉત્પાદન પર ઝોક આવ્યો, 'છીછરા-પહોળા

આકારોમાં ઉપસાવેલી એકધારી કૃતિઓ' પૉપ્યુલર લિટરેચરરૂપે મળી, સ્ટાન્ડર્ડ ક્લોથ જેવા સ્ટાન્ડર્ડ વર્જનવાળી નિઃસામાન્ય જીવન-ફિલસૂફીનું વહન કરતા 'પૉપ્યુલર નોવેલિસ્ટો' અને વર્તમાનપત્રોપજીવી નિબંધકારો રૂપે માસ-એલિટો આવ્યા... વગેરે.

છેક ૧૯૪૦માં, ભોગીભાઈ માર્ક્સવાદી હતા એ વખતે લખેલા 'માર્ક્સવાદી દૃષ્ટિએ સાહિત્યનું મૂલ્યાંકન' એ લેખમાં એમણે, માર્ક્સવાદી વિચારણાના પ્રવેશે સાહિત્યસર્જન સીમિત થઈ જશે એવો (પન્નાલાલે સેવેલો) ભય 'માર્ક્સવાદની અણસમજ ને ગેરસમજમાંથી ઊભો થયો છે' એવું દૃઢ મંતવ્ય વ્યક્ત કરીને તરત જ એ પણ કહ્યું કે, એ ભય 'એટલો જ અધકચરા માર્ક્સવાદીઓ અને ખોટા માર્ક્સવાદીઓને કારણે ઊભો થયો છે. એમનો અતિઉત્સાહનો અતિરેક સાહિત્ય એક વિશેષ કસબ છે એ વિસરાવી દે છે.' ૧૯૬૬માં થયેલા એમના દીર્ઘ લેખ 'ગુજરાતી વિવેચન-સાહિત્ય પર માર્ક્સવાદીની અસર' તો ઘણો વધારે સ્વસ્થ ને સુચિંતિત લેખ છે. લેખનો ઉપસંહાર ભોગીભાઈના વ્યાપક દૃષ્ટિકોણને ઉપસાવે છે. એ કહે છે, 'માર્ક્સવાદ જ શું કામ,કોઈપણ 'વાદ' કલાસર્જનને અણઘડ રીતે સ્પર્શવા જતાં, વર્ચસ્વનો પ્રયાસ કરવા જતાં, સર્જનના આત્માને જ ગૂંગળાવી માર્યા વિના ન રહે.'

'મિતાક્ષર' વિશે વધારે ચર્ચા થવી જોઈએ, હવે.

દિગીશભાઈ, અને 'ઇંગ્લિશ! ઇંગ્લિશ!'

દિગીશ મહેતા (૧૨.૭.૧૯૩૪ – ૧૪.૬.૨૦૦૧) આપણા એક અચ્છા, બહુ ટિપિકલ ગદ્યકાર – એકદમ લો પ્રોફાઈલવાળા માણસ, ને લેખક. મિતભાષી અને, એમ કહી શકાય તો, મર્મભાષી. ઉત્તર ગુજરાતનું 'લોક' મનમાં અકબંધ રાખીને આવેલા નાગર; જબાન નાગરની, મરમાળી – પણ ચળકતી નહીં. પછી અભ્યાસે જ નહીં, મિજાજે પણ ઇંગ્લિશ. (એમણે ક્યારેય 'અંગ્રેજ' કે 'અંગ્રેજી' એવો પ્રચલિત શબ્દ વાપર્યો નથી – શુદ્ધ, અસલ, 'ઇંગ્લિશ' જ.) મિજાજ ને ભાષા જ નહીં; વિચાર ને સર્જકતા પણ અડ્ઢ. નવલકથાઓ 'આપણો ઘડીક સંગ' કે 'શત્રુઘ્નની પહેલી સફર' જુઓ કે નિબંધસંગ્રહો 'દૂરના એ સૂર' કે 'શેરી' જુઓ – એટલું જ શા માટે? વિવેચનપુસ્તકો 'પરિધિ' કે 'પશ્ચિમની નવલકથા' પણ જુઓ – તે તે સ્વરૂપની પૂરી શિસ્ત સાથે પણ દિગીશભાઈ ગદ્યકાર લાગવાના. ઊંડાં અભ્યાસ-નિરીક્ષણ-સમજને ઝાંખાં-પાતળાં કર્યા વિના ભાર વિનાનાં, હળવાં રાખીને એ ચાલ્યા છે. ટૂંકાં વાક્યો તો ખરાં જ; પણ વાક્યના ખંડો પડે – અટકતા, અચકાતા, ટમકો મૂકતા, મરમાળા, ક્યારેક દબાયેલું ટીખળ-તોફાન-જરાક મીસચીફ-ને સંડોવતા – એની ભાત એક શૈલી નીપજાવે (પણ સમૃદ્ધિનો, પ્રજ્ઞાનો, ક્યાંય અભાવ નહીં). એટલે, સ્વરૂપનું રેખા-માળખું ધારોકે સ્હેજ ઉઠાવી લઈ શકીએ, તો બધે જ દિગીશભાઈ નિબંધકાર, એ સ્વરૂપની રેખાઓ પણ લઈ લેવી હોય તો, નિતાન્ત ગદ્યકાર લાગે.. લલિતગદ્ય-કાર.

'ઇંગ્લિશ! ઇંગ્લિશ!'(૧૯૯૯) એ રીતે એમના લેખક-વ્યક્તિત્વનું સ-રસ પ્રતિનિધિત્વ કરતું, એમણે લીધેલા વિષય પરનું તો, બેનમૂન કહેવું પડે એવું પુસ્તક છે. 'ઇંગ્લિશ ભાષા સાથોસાથે ઇંગ્લિશ સંસ્કાર, સાહિત્ય, એવો એનો સમગ્રતયા, holistic પરિચય

કરાવાય તો યોગ્ય થશે એ દૃષ્ટિએ આ લેખો લખાયા છે' ('પ્રવેશક'). વિચાર્યું, અભ્યાસ પણ કર્યો, ઇંગ્લિશના કેટલાક તજ્ઞ સ્નેહીઓ-વડીલોની ક્યાંક પરોક્ષ, ક્યાંક પ્રત્યક્ષ 'દોરવણી' લીધી. બરાબર. પણ આમ જોઈએ તો ઇંગ્લીશ 'શીખવવા' માટેનું આ કોઈ પ્લાન્ડ-સુઆયોજિત પુસ્તક, એવી લેખશ્રેણી, નથી. લેખો ક્રમમાં આમતેમ થોડોક ફેરફાર કરીએ તોય ચાલે, એવી ચુસ્ત સાંકળ વિનાના, છતાં દૃષ્ટિ ખોડેલી રાખી હોય તેવા છે; લહેરાતા છે ને છતાં માહિતી-જાણકારી-નિરીક્ષણો ઓછાં નથી એમાં. 'રોઝેટનો થેસોરસ', 'પ્રોનાઉન્સીંગ ડિક્શનરી', 'ડિપ્લોમસીની ભાષા', 'પાઠમાલા પદ્ધતિ..' અને સ્પોર્ટ્સ-બિઝનેસ-પોલિટિક્સની વાત કરતાં પ્રકરણોમાં બહુવિધ જાણકારી છે – બધું સાવધાનીથી સાંભળેલું, વિચારેલું છે. પણ જે મજા છે તે હળવાશની, અનૌપચારિકતાની, લગીરે દાબ-ભાર વિના કહેવાની રીતની છે. લેખોનું રૂપ એકેડેમિક, કે પ્રવચન પ્રકારનુંય, નથી; જાણે કે રેડિયો ટૉક પ્રકારનું છે – 'તમે'-'આપણે'-'જોજો-સાંભળજો'-વાળું રૂપ છે. એથીય વધારે તો એ કોઈની સાથે, નિરાંતને સમયે, બેસીને કરેલી વાતચીત જેવું છે.

જેમકે, શબ્દોના અર્થ-મર્મ સમજાવતાં, 'ફ્યુરીઅસ' શબ્દ આગળ વાત પૂરી કરતાં કહે છે : 'અને છેલ્લે ફ્યૂરીયસ તમારા બૉસ માટે.... માય બૉસ વૉઝ એબ્સોલ્યૂટલી ફ્યૂરીયસ! વીશ યુ વેલ, બીજું શું, જો આ છેલ્લું સાચું હોય તો!' શબ્દનો સ્વાદ લેવો-આપવો, એના અધ્યાસો સાથે, એ કેવુંક મુકાયું છે! જુઓ – 'પણ આવો ભરચક ભર્યોભર્યો 'એક્ઝિક્યુટીવ' શબ્દનો ઉચ્ચાર મેં કોઈ દિવસ સાંભળ્યો નહોતો. આખા અમેરિકન કલ્ચરનો ધબકાર, એનું પ્રેશર તેમાં તોળાયેલું હતું.' કોઈની સાથે ઇંગ્લીશમાં વાતચીત કરવી એ, દિગીશભાઈ કહે છે, એક પર્ફોર્મન્સ છે ને એમાં કાળજીથી, મહાવરાથી ને એથી આવેલા આત્મવિશ્વાસથી સફળ થવાય છે. આ વાત, દિગીશભાઈ હૂંફાળી રમૂજવૃત્તિથી, વિશ્વાસ પ્રેરતાંપ્રેરતાં ને સ્હેજેક ચેતવી દેતાં આમ મૂકે છે : વાતચીત કરવામાં '...અમુક ઇંગ્લીશ અવાજો કરવાના છે. ગાડું ગબડાવવાનું છે. આમાં ભૂલ થાય તો કોઈ એના માર્ક કાપી લેવાનું નથી. પણ પેલો રાજુ પદ્મનાભન ધાણી ફૂટે એમ નહીં તો ઘરમાં ભાંગેલું મિક્સર અવાજો કરે તે રીતે કંઈક ભેળસેળિયા ઉચ્ચાર ને શબ્દોવાળું પણ ઇંગ્લીશ નામે ઓળખાતું કચ્ચરિયું પીરસ્યે જઈ શકે છે, એટલી આવડત તેનામાં છે, જ્યારે આ રમેશ લુહાર, કદાચ મારા કવિ સુંદરમ્નો દૂરનો સગો હોય તો પણ, તેની ભુજા એકવાર પણ ઘણ ઉઠાવતી નથી.' પહેલું પ્રકરણ ટીખળી વાર્તા જેવું : 'ખરો ખૂની કોણ ઉર્ફે હુ-ડન-ઈટ?' અને છેલ્લું, લહેરાતું છતાં ગંભીર વાત મૂકતું, વિશ્વાસ પ્રેરવા – 'ઇંગ્લીશ એક કારકિર્દી તરીકે.' આ રેન્જ છે આની. પુસ્તક વાંચવું જ પડે. વાંચતાંવાંચતાં દિગીશભાઈ એકદમ નિકટ બેઠેલા લાગે. સહસા પૂછી દેવાય : 'દિગીશભાઈ, મજા આવી; પ..ણ આમાં મુદ્રણની થોડીક ભૂલો છે, કેટલીક ગંભીર, તે જોવા-સુધારવાની કદાચ રહી ગઈ લાગે છે...'

૨૭, જુલાઈ ૨૦૦૧ **રમણ સોની**

તારાપણાના શહેરમાં – જવાહર બક્ષી

વિશાલ પબ્લિકેશન્સ, વિલેપાર્લા, મુંબઈ, ૧૯૯૯, ૩.૧૩૦, રૂ.૧૫૦

એકાંતમાં વાંચવાની ગઝલો

ધ્વનિલ પારેખ

જવાહર બક્ષીનો આ પહેલો ગઝલસંગ્રહ છે. ત્રણ દાયકાથી પણ વધુ લાંબા સમયથી કોઈ ગઝલકાર ગઝલ લખતો હોય અને માત્ર ગઝલ જ લખતો હોય ત્યારે એ ગઝલકારના સંગ્રહ વિશે લખતી વખતે બે બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. એક તો એ કે, એ સંગ્રહ પ્રગટ થાય છે ત્યારે એટલે કે હમણાં ગઝલની સ્થિતિ કેવી છે અને વીતેલા ત્રણ દાયકામાં ગઝલ કયાં સ્થિત્યંતરોમાંથી પસાર થઈ છે.

ગઝલ આજે માત્ર પ્રિયતમા સાથેની વાતચીત સુધી સીમિત નથી રહી, એ વિસ્તરી છે. એક સમય હતો જ્યારે સૂરજ, રણ, ઝાકળ, મૃગજળ વગેરે કલ્પન-પ્રતીકોની ભરમાર ગઝલમાં રહેતી હતી. ક્રમશઃ એ ભરમાર ઓછી થઈ છે પણ જવાહર બક્ષીની ગઝલોમાં ફરી દેખાય છે. આ સંગ્રહમાંની ગઝલોનો રચનાકાળ ૧૯૬૭ થી ૧૯૯૮ સુધીનો છે. અલબત્ત હજી પણ એ વર્ષો પહેલાંની કૃતિઓમાં તાજગી જરૂર વરતાય છે. જુઓ આ શે'રો –

મૃગજળમાં શું છે એની ખબર છે મને 'ફના'
દોડીને માત્ર જાળવું છું રણની એક અદબ. (પૃ. ૮૯)

*

જળ છું બરફ છું ભેજ છું ઝાકળ છું વાદળ છું,
સતત મૃગજળ સુધી ભીનો જ છું.

તરસ્યા વિનાના શહેરમાં જો તું મને શોધ્યા કરે
તો હું તને ક્યાંથી મળું? (પૃ.૩)

અભાવ અને એમાંથી જન્મેલી તરસ – આ ગઝલસંગ્રહનો મુખ્ય ભાવ છે. આમ તો પ્રત્યેક શે'ર એકબીજાથી સ્વતંત્ર ભાવ લઈને ચાલતો હોય છે પણ અહીં આ બે ભાવ ઘૂંટાયા કરે છે. એનું કારણ વિપુલ દેસાઈએ સંગ્રહના ફ્લેપ ઉપર સૂચવ્યા પ્રમાણે કવિના અંગત જીવનમાં બનેલા પ્રસંગો પણ હોઈ શકે. પ્રિયતમા સાથેનો વિરહ અને એમાંથી એને પામવાની તરસ અને બે બહેનોને ગુમાવવાથી ઊભો થયેલો શૂન્યાવકાશ. કવિ સતત કંઈક શોધે છે. તરસની પણ એક લાક્ષણિક મસ્તી છે અને એ મસ્તીમાં નરસિંહ મહેતાના જૂનાગઢના સંસ્કારો ભળે છે ત્યારે આવો શે'ર નીપજે છે –

મસ્તી વધી ગઈ તો વિરક્તિ થઈ ગઈ,
ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો. (પૃ. ૧૫)

મસ્તી વિરક્તિનો અનુભવ કરાવે છે તો અભાવ ઉત્સવનો અનુભવ કરાવે છે –

ઉત્સવ સમું આ શું હશે તારા અભાવમાં?
દરરોજ મારી આંખમાં મેળો ભરાય છે. (પૃ. ૫૭)

જવાહર બક્ષીને તરસ અને અભાવની વચ્ચે જીવાતા જીવનસંદર્ભે પણ ઘણા પ્રશ્નો થાય છે. 'હું'ને કવિએ જુદીજુદી રીતે પ્રગટાવવા-તપાસવાની મથામણ કરી છે. એકથી વધારે વખત પોતાના પ્રવાહી અસ્તિત્વની વાત કરી છે –

જળનો જ જીવ છું ફરી જળમાં વહી જઈશ,
પળભર બરફમાં બંધ છું, પળમાં વહી જઈશ. (પૃ. ૪)

'વહી જઈશ' રદીફ દ્વારા પણ પ્રવાહી સ્થિતિનો અંદાજ આવે છે. એક બાજુ કવિએ પ્રવાહી સ્થિતિનો – જે વહી જવા જ સર્જાયેલું છે, કશા કામનું નથી એનો – સ્વીકાર કર્યો છે તો બીજી બાજુ, એવા જ નિરર્થક પોલાણનો પણ સ્વીકાર કર્યો છે. આ રીતે –

હું તો નગરનો ઢોલ છું દાંડી પીટો મને,
ખાલીપણું બીજા તો કોઈ કામનું નથી. (પૃ. ૫)

જળની પ્રવાહિતા અને પોલાણની સ્થગિતતા એ બેનો સુમેળ માણસને પરિપૂર્ણ બનાવે છે – આ વાત પણ ગઝલસંગ્રહના શે'રોમાં ભિન્ન રીતે વ્યક્ત થઈ છે.

કવિએ અહીં 'હોવાપણું'(૧૯૬૮-૧૯૯૮), 'ગઝલની સ્વરૂપલીલા'(૧૯૭૦-૧૯૮૬), 'મત્લા ગઝલો'(૧૯૬૮-૧૯૮૬), 'એક રદીફની ગઝલો' (૧૯૬૭-૧૯૭૦), 'વિષાદયોગ'(૧૯૭૦), 'વિરહયોગ'(૧૯૭૦–૧૯૭૨), 'કોઈ હમણાં આવશે'(૧૯૬૬-૧૯૭૧), 'રૂપક રદીફની

ગઝલો'(૧૯૬૬-૬૭), 'ગઝલ કોલાજ(૧૯૬૬-૧૯૭૨, ૧૯૯૫-૧૯૯૮) 'રાસ ચાલે છે'(૧૯૬૮-૧૯૯૮) – એવાં વિવિધ જૂથોમાં ગઝલો આપી છે. કુલ ૧૦૮ ગઝલો અહીં છે. કવિ જણાવે છે તેમ સાડા આઠસો જેટલી ગઝલોમાંથી સાતસો જેટલી ગઝલો રદ કરીને આ ૧૦૮ ગઝલો એમણે સંગ્રહમાં મૂકી છે. 'પહેલી ગઝલ (૧૯૫૯) લખ્યા બાદ લગભગ ચાલીસ વર્ષે અને મેં માન્ય રાખેલી પહેલી ગઝલ ('અનુભવ'-૧૯૬૭) બાદ બત્રીસ વરસે આ પહેલો સંગ્રહ આવે છે' (પ્રસ્તાવના, 'સુદીર્ઘ પ્રતીક્ષા', પૃ.૧૩). એટલે કવિની ત્રણ દાયકાની અવિરત ગઝલયાત્રાનો હિસાબ અહીં મળે છે. આજે જ્યારે માંડ પચીસેક ગઝલો લખીને એ જ પચીસનો સંગ્રહ પ્રગટ કરનારા ગઝલકારોનો તોટો નથી ત્યારે સાતસો જેટલી ગઝલો રદ કરવાની હિંમત દાખવવી એ વિરલ ગણાય.

ગઝલકાર તરીકે જવાહર બક્ષીનો પ્રયોગશીલ મિજાજ અહીં પ્રગટ થાય છે. આ પ્રયોગો કેવા છે? આ કવિ ગુજરાતી ગઝલની લાંબામાં લાંબી રદીફ આપણને આપે છે. લાંબી રદીફમાં એક શે'ર આવે પણ આખી ગઝલ માટે, રદીફને નિભાવવા માટે આયાસ કરવો પડે છે. જવાહર બક્ષીએ આ જ વાત શે'રમાં આ રીતે કરી છે –

> શબ્દો ઘડું, હું છંદ બંધાવું, વ્યવસ્થિત પ્રાસ પહેરાવું,
> અલંકારો રચું, ત્યાં અંગ મરડે એક અનાદિ વેદના,
> આયાસનો આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઈ બેસેલ
> તે આખો ને આખો મ્હેલ બસ પળવારમાં તૂટી પડે. (૧૧૫)

અહીં 'આયાસ' કાફિયો છે અને પછી સળંગ રદીફ છે. એટલે, આટલી દીર્ઘ રદીફ કવિએ આખી ગઝલમાં સુપેરે નિભાવી છે. માત્ર કાફિયા અને રદીફથી જ મિસરો પૂરો થઈ જાય એવી એકાધિક ગઝલો આ સંગ્રહમાંથી મળે છે.

જૂનાગઢનું વાતાવરણ અને નરસિંહ મહેતાના સંસ્કારો અહીં સતત પડઘાતા રહે છે. ઝૂલણાના લયમાં લખેલી ગઝલોથી તો એ વાત સ્પષ્ટ થાય જ છે પણ 'હઈશ', 'જાઈશ', 'જાશે', 'જાજે' વગેરે રદીફો પણ એ જ વાત સ્પષ્ટ કરે છે. ગીતોમાં 'રે' અને 'રે લોલ'નો મહિમા છે પણ જવાહર બક્ષીએ એ મહિમા ગઝલમાં કર્યો છે. 'પ્રોષિતભર્તૃકા' ગઝલના એક શે'રથી જ એની પ્રતીતિ થઈ જશે –

> તારા વિનાનો આ મારો ભીનો ઉજાગરો,
> કૂવાની જેમ અર્ધો ભરેલો રહે રે લોલ. (પૃ. ૫૪)

અહીં અભિવ્યક્તિમાં રહેલી તાજગી સ્પર્શી જાય છે. તો 'રાસ ચાલે છે' જૂથની ગઝલોમાંથી પસાર થઈએ તો પણ નરસિંહ મહેતા જરૂર યાદ આવે. આ જૂથની બે ગઝલો સાદ્યંત સ્પર્શી જાય છે. એક છે, 'સાંભળ્યા કરો' અને બીજી છે, 'સ્વરૂપે અવસ્થાનમ્'. 'સાંભળ્યા કરો' ગઝલ વાંચતી વખતે પ્રહ્લાદ પારેખના કાવ્યમાંનો ઇન્દ્રિયવ્યત્યય યાદ આવે. પ્રહ્લાદ પારેખે જેમ અંધારને ખુશબોભર્યો બનાવી ઘ્રાણેન્દ્રિયનો વિષય બનાવ્યો તેમ આ ગઝલમાં ચાક્ષુષ વિષયને કર્ણેન્દ્રિયનો વિષય કવિએ બનાવ્યો છે. એક શે'ર જુઓ –

> આ છેલ્લા શ્વાસ જઈ રહ્યા છે અંધકારના,
> હમણાં નીકળશે કોઈ કિરણ... સાંભળ્યાં કરો. (૧૨૩)

તો 'સ્વરૂપે અવસ્થાનમ્' ગઝલનો ગતિની વ્યાખ્યા બદલતો આ શે'ર પણ માણવા જેવો છે –

> અટકવું એ ય ગતિનું જ કોઈ રૂપ હશે!
> હું સા...વ સ્થિર છું, મારામાં રાસ ચાલે છે. (૧૩૦)

'ગઝલની સ્વરૂપલીલા' જૂથની ત્રણ ગઝલો 'સાક્ષાત્કારની હઠ', 'નીલકંઠી ક્ષણો' અને 'ઝેન ગઝલ' પણ જુદા પ્રકારની ગઝલો છે. 'સાક્ષાત્કારની હઠ'માં સાની મિસરાનું દરેક શે'રમાં પુનરાવર્તન કરીને સાની મિસરાની શક્યતાઓ તપાસી છે અને 'નીલકંઠી ક્ષણો'માં ઉલા મિસરાનું દરેક શે'રમાં પુનરાવર્તન કરીને શક્યતાઓ તપાસી છે. તો 'ઝેન ગઝલ' આખી મત્લા ગઝલ છે. એ મત્લા ગઝલ છે એટલે વિશિષ્ટ છે એવું નથી પણ પહેલા મત્લાનો ઉલા મિસરા એ બીજા મત્લાનો સાની મિસરા બને છે. આમ, આ ત્રણ ગઝલોમાં શે'રોના આંતરસંબંધો અને એ દ્વારા ગઝલની સ્વરૂપલીલા તપાસવાનો ઉપક્રમ છે.

જવાહર બક્ષીએ અહીં ભાષા પાસેથી જે કામ લીધું છે અને જે નવીન અભિવ્યક્તિઓ સાધી છે એનો ખ્યાલ કેટલાક મિસરા ઉપરથી આવશે. જેમકે –

> મૃગજળિયા અંધકારમાં હું છટપટાઉં રે (પૃ. ૨૨)
> શ્વાસોમાં રોજ ઊઘડે છે સ્પર્શનું પરોઢ. (પૃ. ૩૮)
> હું તારી ગેરહાજરી જેવો સફેદ છું. (પૃ. ૪૦)
> દિવસોનાં પંખી ઊડી ગયાં એક સામટાં (પૃ. ૯૩)

તો 'સમયજળ', 'સ્પર્શમહલ', 'હવાજાળી' એવા સમાસો પણ તાજગીસભર છે. પણ 'કોઈય', 'પોડાં', 'શબ્દડાઓ', વગેરે શબ્દો અને છંદ જાળવવા ખાતર

'મૃગજળો', 'રાફડાઓ', 'દિલાસાઓ' વગેરે બહુવચનોનો પ્રયોગ ખટકે છે, 'ઝાકળ', 'મૃગજળ', 'વાદળ' વગેરે કાફિયાનું કવિને રીતસર વળગણ હોય એવું લાગે છે.

ગુજરાતી ગઝલ ચિંતન-અધ્યાત્મ સુધી પહોંચી છે એમ આપણે કહી શકીએ છીએ. રાજેન્દ્ર શુક્લ પણ જૂનાગઢી પરિવેશમાંથી આવે છે અને નરસિંહનો પડઘો જુદી રીતે સંસ્કૃતમય પદાવલિ બનીને એમની ગઝલોમાં પડે છે. તો જવાહર બક્ષીની ગઝલો પણ બોલચાલની ભાષા લઈને નથી આવતી. બે-ત્રણ ગઝલોને બાદ કરતાં આ ગઝલો 'મુશાયરા'ની ગઝલો નથી અને એટલે કદાચ કોઈને એ ચિંતનથી લદાયેલી લાગે પણ ખરી! આ ગઝલો એકાંતમાં વાંચવાની ગઝલો છે. 'તારાપણાના શહેરમાં' ગઝલસંગ્રહ ગુજરાતી ગઝલની મૂડી છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

કેફ : દિનેશ દેસાઈ — તપ હજુ ઓછું પડે છે

નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૦, કા. ૬૬, રૂ. ૫૦ — વિનોદ ગાંધી

બાર વર્ષના અંતરાલ ('સ્નેહના નામે,' ૧૯૮૮) પછી કવિ દિનેશ દેસાઈ એમનો આ બીજો સંગ્રહ લઈને આવે છે. સામાન્ય રીતે ૧૨ વર્ષનું એક 'તપ' ગણાય. એક તપ પૂરું થતાં તપસ્વીનું તેજ વધે એવું માનવામાં આવે છે. કવિ દિનેશ દેસાઈનું આ ગઝલતપ એમને કેટલું ફળ્યું છે એ જોવું રહ્યું. આમાં ૫૬ જેટલી ગઝલો, 'સ્તનપર્વ' ગુચ્છની ૭ ગઝલો સહિત કેટલાંક મુક્તકો અને છુટાછવાયા શેરો સંગ્રહાયાં છે.પ્રણયસંવેદન આ રચનાઓનો પ્રધાન વિષય છે :

હો ગમે તેવી સુરા પણ ના ચઢે
જામ તારા નામનો છે એટલે. (પૃ. ૨)

વિષયસંદર્ભે આ ગાળાના ગઝલકારો માનવજીવનની વિસંગતિ, વૈચિત્ર્ય વગેરેને આલેખે છે એ અહીં બનતું નથી. એ અર્થમાં કવિ દિનેશ દેસાઈ વિષયપરત્વે પરંપરાના માર્ગે ચાલે છે. ક્યારેક તો અસલ પરંપરાનું જ લાગે એવું પણ લખે છે :

બદનનો રેશમી તારો સહારો કોણ માગે છે?
બગીચે ફૂલને ખુશબૂ બહારો કોણ માગે છે?

અમે તો ચાહતાં બસ બે ઘડીનો સાથસથવારો
તમારી જિંદગાનીમાં ઉતારો કોણ માગે છે?

પૃ. ૩૮ ઉપરની આ આખી ગઝલ જ પરંપરાગત છે. પણ અભિવ્યક્તિ પરત્વે નવો દૃષ્ટિકોણ અપનાવ્યો હોવાથી આ કવિને પરંપરાના ગઝલકવિની છાપ લાગી જતી નથી. 'માણસ નામે મીણ બરાબર' (પૃ. ૩૩). એ ગઝલ પ્રણયેતર સંવેદનને વ્યક્ત કરે છે. કવિ ક્યારેક અગાઉના ગઝલકારોએ ઉપયોગમાં લીધેલા કાફિયા-રદીફોનો દેખીતો ઉપયોગ પણ કરે છે. કવિ પૃ.૧૪ ઉપરની રચનામાં હરીન્દ્ર દવેની બહુ જાણીતી 'હું પણ તમારી યાદમાં મારો નથી રહ્યો, દરિયો રહી ગયો ને કિનારો નથી રહ્યો' ગઝલના કાફિયાને રદીફ સહિત અનુસરે છે. તો 'મોકલ.' (પૃ. ૨૭), 'મોકલ હવે' (પૃ.૩૨), 'મોકલ મને' (પૃ. ૩૫), 'મોકલું' (પૃ. ૪૩), જેવા રદીફોના અનેકોએ કરેલા ઉપયોગને દિનેશ દેસાઈ કશા નવીન ઉન્મેષ વગર અનુસરે છે. એ જ રીતે આજ્ઞાર્થ વિધાનો જેવા મિસરાઓનો પણ કવિ અગાઉના કવિઓની જેમ ઉપયોગ કરે છે ખરા, પણ કશાં નવાં પરિણામ સાધતા નથી. જુઓ : 'ના લહેરાવ તું' (પૃ. ૧૦), '... મળ મને' (પૃ.૧૭), '....આપજે'(પૃ. ૨૪), 'તું વાત કર' (પૃ. ૨૮, ૪૦), '...દે મને' (પૃ. ૩૪), '... જકડી જુઓ' (પૃ. ૩૧) વગેરે.

ગઝલનો પ્રત્યેક શે'ર સ્વાયત્ત હોય – એવી સમજને આધારે મોટાભાગની ગઝલો લખાય એ તો બરાબર, પણ એક ગઝલના પ્રારંભિક શે'રોએ બાંધેલા ભાવથી સાવ પ્રતિકૂળ અને બંધાયેલા વાતાવરણમાં કોઈપણ હિસાબે બંધ જ ન બેસે એવો ભાવ ઉપસાવતો શે'ર મૂકી દેવાથી તો ગઝલના ભાવનમાં વિઘ્ન જ અનુભવાય. એવા દાખલાય અહીં મળે છે. જેમકે, પૃષ્ઠ-૨ ઉપરની ગઝલનો ચોથો શે'ર –

છે પવનનો દેવ પણ છે કેફમાં
એ નિરંતર રામનો છે એટલે.

– કોઈ રીતે ગઝલના અગાઉના શે'રોએ બાંધેલા વાતાવરણમાં બંધ બેસતો જ નથી. એટલું જ નહીં પણ મત્લાના શેરના બે મિસરા વચ્ચે ભાવૈક્યની કશી શક્યતા જળવાતી ન હોય એવું ઉદાહરણ પણ અહીં મળે છે :

સૂરજ બનીને તું મને તારા પવનની વાત કર,
બીજું બધું ભૂલી જઈને તું ચમનની વાત કર. (પૃ. ૪૦)

સામાન્ય રીતે એક જ ગઝલમાં એક કાફિયાનો એક કરતાં વધારે વાર ઉપયોગ કરવાનું ટાળવામાં આવે છે. પણ અહીં તો 'જતનની' કાફિયાનો ગઝલના બે શેરમાં ઉપયોગ કર્યો છે. (જુઓ પૃ. ૪૦).

છંદોભંગ અટકાવવા 'કહીને'નું 'કૈ' (પૃ. ૩, ૮), 'દઈને'નું 'દૈ' (પૃ. ૨૭), 'નહીં' નું 'નૈ' (પૃ. ૩૯) કે 'થઈને'નું 'થૈ' (પૃ.૪૭) કર્યાના દાખલાય અહીં મળે છે. એ બહુ સુભગ લાગતું નથી. તો એ જ રીતે 'વસતા' ને બદલે 'વસ્તા' કે 'ખસતાં'ને બદલે 'ખસ્તાં' જેવા જોડાક્ષરો રચી ભાવનમાં અવરોધ ઊભા કર્યાના દાખલાય અહીં મળી રહે છે. આમ કર્યા પછીય છંદોભંગ થયાનાં ઉદાહરણો 'કેફ'માંથી મળી રહે છે . એકાદ ગઝલનું ઉદાહરણ લઈએ – પૃ. ૨૯ ઉપરની ટૂંકી બહેરની ગઝલ. આમાં કવિએ 'ગાગા ગાલ'નું બંધારણ સ્વીકાર્યું છે. પણ ગઝલના કેટલાક શે'રમાં છંદોભંગ થયો છે. ઉ. ત. –

આવ ઉપવન
છોડી ગીત.

આશામાં જ
તું ભૂલી ભીંત.

કવિએ 'કેફ'ની ગઝલોમાં મોટા ભાગે પ્રચલિત એવા બે ત્રણ છંદોનો જ બહુધા ઉપયોગ કર્યો છે.

દ્વૈભાષિકતાના બિનજરૂરી ઉપયોગનો દાખલો પણ અહીં મળે છે. પૃ.૪૬ ઉપરની ગઝલના એક શેરમાં 'લિસ્ટ' જેવો શબ્દ વાંચતાં ખૂંચે છે. અહીં ઝાંઝવા, ખૂશ્બૂ, બહારો, શમા, સમંદર, કિસ્મત, બેવફા, યાર, પિંજર, સફર, ગુલદસ્તા, ખંજર જેવા શયદાકાલીન ગઝલમાં વપરાતા શબ્દોય જોવા-સાંભળવા મળે છે. આ બધા શબ્દો અહીં નવીન ભાવાભિવ્યક્તિમાં સર્વદા-સર્વથા સાર્થક બની રહેતા નથી. 'પાંપણો વચ્ચે રેશમી વાદળ', 'રેશમી હેલી', 'રેશમી કાયા' જેવાં પદોમાં 'રેશમી' વિશેષણનું ઠીકઠીક પુનરાવર્તન થયું છે.

'સ્તનપર્વ' ગઝલગુચ્છની કૃતિઓ સંતોષ બલકે આનંદ આપે છે. આ સાત ગઝલોમાં મોટાભાગે માંસલ શૃંગાર નિરૂપાયો છે. પુરુષની દેહલક્ષી નજરે પ્રિયતમાને જોવાનો યત્ન અહીં થયો છે. ગુચ્છની પ્રથમ ગઝલમાં મધ્યકાલીન પદોમાં વપરાતા 'જો' નો કવિએ ઉત્તમ ઉપયોગ કર્યો છે :

સોળમા વર્ષે જ લીલો જ છોડ જો
નવજવાનીના સળગતા કોડ જો.

પ્રથમ ગઝલથી સાતમી ગઝલ સુધીમાં એક ભાવવર્તુળ પૂરું થાય છે. 'સોળમા વર્ષે જ લીલો છોડ જો'થી આરંભાયેલ ભાવ સાતમી ગઝલમાં –

જળકમવત્ છે જવાની ઓ સનમ,
ક્યારેક તો મેલી થવાની ઓ સનમ.

આવ પારાવાર ચાહું છું તને
આપ જીવનની કહાની ઓ સનમ.

– એમ પૂરો થાય છે. જો કે 'કેફ'ની રચનાઓમાં લેખન સંદર્ભની થોડીક કચાશ નજરે ચઢે છે. પૃ.૩૧ ઉપરની રચનાના એક શે'રના પહેલા મિસરામાં 'બેસજે' જેવું એકવચનનું આજ્ઞાર્થ પદ છે ને બીજા મિસરામાં 'આપને' જેવું માનાર્થે બહુવચનનું પદ છે એથી સંબોધિત વ્યક્તિ તરફના માનભાવ કે આત્મીયભાવ વચ્ચેની સ્પષ્ટતા રહેતી નથી. મદીરાલય માટે 'આખું'ને બદલે 'આખી' વિશેષણ મૂક્યું છે (પૃ. ૧૨). આવા એકાદ બે નમૂના અહીં મળી આવે છે. પરંતુ ક્યારેક આખી ગઝલ સાદ્યંત સરસ બની હોય એવાંય બેત્રણ ઉદાહરણ અહીં મળે છે જ. પૃ.૧૩ ઉપરની રચના આ રીતે જોવા જેવી છે. તો ઘણી બધી રચનાઓમાંથી અવતારવાનું મન થાય એવા કેટલાક સરસ શે'ર મળી આવે છે :

મારા જખમનો હું કદી સોદો નહીં કરું.
મેં એક લીટીનો હવે કર્યો ઠરાવ છે.

*

તું ભલે ઈલજામનો ઇન્કાર કર,
પાંપણો તારી ઢળેલી છે હવે.

ભાષાની તાજગી ખરી, નવીન અભિવ્યક્તિ પણ ખરી, તો યે ગઝલીયત, શેરિયત કે મિજાજના સંદર્ભે સંતર્પક લાગે

એવું અહીં સર્વત્ર બનતું નથી. સંવેદનની નવીન અભિવ્યક્તિ જે રીતે અહીં સધાઈ છે, તે જોતાં કાવ્યના ગઝલેતર પ્રકાર-સ્વરૂપમાં પણ કવિ હાથ અજમાવશે તો વધુ ફાવશે એવી પ્રતીતિ 'કેફ'માંથી પસાર થતાં બંધાય છે.

દશ્મન : બિપિન પટેલ

નવભારત, અમદાવાદ, ૧૯૯૯. કા.૧૭૨, રૂ. ૭૫.

વાર્તા સાથે થોડી દોસ્તી, થોડી દુશ્મની

માય ડિયર જયુ

સંગ્રહનું અર્પણવાક્ય છે : 'આ વાર્તાલોકનાં ભાવ અને ભાષાનાં ઘડનારાં બાને –'. બિપિનને કહીએ : પૂ. બાએ તો બેય 'અમૃત'બિંદુ બરોબરનાં મોકલ્યાં; તમે એ 'વાર્તા'રૂપી અંજલિમાં કેવાંક ઝીલી શક્યા? તદ્ભિદો આને માવજત કહે છે, ટ્રિટમેન્ટ... ટ્રિટમેન્ટ. ટૂંકીવાર્તાના પહેલા સ્તબકમાં 'ભાવ'ને જ પ્રાધાન્ય હતું, ઘટના અને કથાબોધની બોલબાલા હતી – એનાથી સંતોખાયા નહીં. પછી, આધુનિકોએ પ્રયુક્તિઓના અને ભાષાકર્મના ઘટાટોપ ચડાવ્યા – એનાથી ય સંતોખાયા નહીં. અને 'વાર્તા' પામવા 'ભોંય' બદલ્યા કરી. જોઈએ છે વાર્તા. વાર્તાનો 'જમાનો' લાવવો હશે તો વાર્તા સિવાય કોણ લાવશે? વાર્તાને એક બાજુ રહેવા દઈને, એના શતશત લખનારાઓને જ થપથપાવ્યા કરવાથી 'વાર્તા' નહિ મળે. અને વાર્તા મળશે નહીં ત્યાં સુધી સંતોષ નહિ થાય. 'દશ્મન'ની પંદરે વાર્તાઓમાં લેખકની 'વાર્તા' પામવાની મથામણ જોવા મળે છે એ સંપ્રજ્ઞતા પહેલો સંતોષ આપે છે.

આમ તો ભાવ અને ભાષા અભિન્ન છે; એનું સ્વરૂપાન્તર જ અપેક્ષિત છે. ભાવ અને ભાષાથી જ 'રૂપ' સિદ્ધ થાય છે ને! પછી તે ગીત હોય કે ટૂંકીવાર્તા. એના રચનાવિધાનમાં એના ઘટકોનો સપ્રમાણ અને સયુક્તિક વિનિયોગ થાય ત્યારે આપોઆપ સ્વરૂપ સિદ્ધ થતું હોય. એમ ટૂંકીવાર્તાને ટૂંકીવાર્તા બનાવનારાં નાનાવિધ ઘટકોમાંથી કેવાં કેવાં ઘટકો સાર્થકતા-સફળતા પામ્યાં છે તે જ તપાસનો વિષય હોવો જોઈએ.

'દશ્મન'ની વાર્તાઓ આધુનિકોત્તર વાર્તાઓમાં વિષય પરત્વે જુદી ભાત પાડે છે તે એટલા માટે કે, અસાધારણ, આકસ્મિક કે ચમત્કારક ઘટના પૂરતી કે અમુક ખાસ કોમ-પ્રદેશ પૂરતી સીમિત રહીને એ ચાલતી નથી. એટલું જ નહીં, લેખકનું દૃષ્ટિબિંદુ સરેરાશ માનવજીવનમાંથી વિષય પસંદ કરે છે. 'કારણ', 'દશ્મન', 'કહેવું પડે!', 'વોશીંગ મશીન', 'બૂફે', 'આસ્થા', 'તદ્ દૂરે તદ્ દૂરે'માં રોજિંદા જીવનનું સહજ વાસ્તવ તરવરી રહે છે તે એકદમ પ્રશંસાપાત્ર છે એમ કહીને અટકી જવાય એમ નથી. સહજ વાસ્તવનું આકર્ષક આલેખન અઘરું છે. સર્જકતાના અભાવે એ તૂર્ત જ સામાન્યતામાં સરી પડે. એને ઉપસાવનારું-ઉજમાળનારું તો ભાષાકર્મ છે. બિપિનનું ભાષાકર્મ સાર્થક અને રસપ્રદ છે. કથનનું એક મહત્ત્વનું પાસું – તાદૃશીકરણ એનાથી સમૃદ્ધ બને છે. 'બૂફે'ના આરંભે કથન (જે લોકોની લાક્ષણિકતા બતાવવાની છે તે કથન) અને વર્ણન સમાન્તરે પમાય છે :

મહેસાણા સોસાયટીમાં પ્રવેશો કે હારબંધ ટેનામેન્ટ્સ દેખાય. દરેક ટેનામેન્ટ પર એકસરખો ઘાટો પીળો રંગ ઇંચે ઇંચ જગ્યા બોટી લેવી હોય તેમ વરંડો જાળીથી પુરાયેલો. અંદર ઓટલા. ઓટલો સારો એવો પહોળો. બેસાય પણ ખરું અને લાંબા થઈ સુવાય પણ. ટેનામેન્ટની દીવાલો ફરતે પાછો દોઢ-બે ફૂટનો સળંગ ઓટલો. પાયામાં પાણી ન જાય. ઓટલાનો ખર્ચ ન પોસાય તેવાં મકાનોની આસપાસ, જ્યાં હોય ત્યાંથી ખોદી લાવેલી માટી દાબી દીધી છે. જાળીવાળાં મકાનોમાં દીવાલે ખાટલા ઊભા કર્યા હોય. જાળી વગરનાં મકાનોમાં બહારની દીવાલને અડકાડીને ખાટલા ગોઠવાયા છે. મોટા ભાગના ખાટલા વાણથી ભરેલા અને જેનું ઘર કરેઘડે હોય તેમણે પાટી ભરાવી છે. બે ટેનામેન્ટ વચ્ચેના રસ્તા પર ક્યાંકથી વધેલો સિમેન્ટ થપથપાવ્યો હોય, ક્યાંક માટી દબાવી હોય તો ક્યાંક વરસાદનું પાણી ન ભરાય માટે રસ્તા વચોવચ લીટા જેવી નીક કાઢી હોય. (૯૮).

'તદ્ દૂરે તદ્ દૂરે'નું આરંભનું ચિત્ર જુઓ :

પિસ્તાળીસની ઉંમરનાં એક બહેન વિહ્વળ થઈ ચોમેર જુએ છે. આજે અંબોડામાં મોગરાની વેણી ભરાવી છે. ઘડી ઘડી

વેણી સરખી કરવા હાથ પાછળ જાય છે. તાજેતરમાં ફેસિયલ કરાવ્યું હોય તેવો ચહેરો ચમકે છે. ગાલ પર રૂઝ લગાડ્યું છે. પર્સમાંથી લુકિંગ ગ્લાસ કાઢીને જોયું. આ ઉંમરે પણ ચહેરાની રતાશ અકબંધ જોઈને મલક્યાં. પતિનું વિધાન 'મારાં દાદી જેવી ઝીણી કણુચીની છે એટલે ચિરયૌવના રહેવાની' સંભારી સહેજ વધારે મલક્યાં... (૧૩૬)

કથનનું આ ઉજ્જ્વળ પાસું – ભાષાકર્મ સર્જકગત છે એટલું જ પાત્રગત પણ સાર્થક છે. કથાભાષાની જીવંતતાના નમૂનાઓ અહીં પાનેપાને જોવા મળે :

૧. પેલો તંતેડો આયો સ ક નંઈ?... આવો બટા. મારા ખોરામ બેહ. અલ્યો હાથ ધોઈને ખાવા બેહો. વહુ, મારા બટાન્ વાડકો ભરીને ઝીંગોર આલો. ઈન બવ ભાવ સ. મારો દેવ સ. દેવને મેઠું મેઠું બવ ભાવ. (૪)
૨. ઈન નહીં પોકો. આખો દાડો વોંચ વોંચ કરસ. ડાચાબરિયો સ. એ તો ઇમનું જ ખેંચ સ. મેલો હમ ટિટિયારો. (૧૩)
૩. પાછી જોડે આ ગોંહડી (૨૫)
૪. દાનવોને થ્યું મારો ખોતી વિશ્રુ શેતરી જ્યો (૫૧)
૫. રૂપ જોઈન શ્યુ કરવાનું? મોંયલા ગુણ જોવા પડ. તન શી ખબર પડ બોતડી? તુ તાર ડોબો દોઈ ખા. (૧૧૦)
૬.આ પ્રોડક્ટ જો માર્કેટમાં ઊપડી તો ચપટીમાં ફોરવ્હીલર!(૧૯)
૭. અમારે બેંકવાળાને નિરાંત, રીંગણાં લઉ બે ચાર? લ્યો ને દસબાર-ની જેમ જે લોન જોઈતી હોય તે વાઉચર મૂકતાંકને લઈ લેવાની. (૪૨)
૮. નો ડાઉટ, તમારા ભોગે પણ નો વે આઉટ. વિસ ઇઝ લાઈફ, સ્વાતુ. એમાં તારો પણ એટલો જ શેર છે. યુ ઓલસો સરૂવ ધ સોસાયટી ઇન્ડાયરેક્ટલી. (૧૩૮)
૯. સવ્વાલ જ નથી, બોસ! બાપુડિયાને કોણ ન ઓળખે? (૧૫૫)

'દશમન'ની વાર્તાઓ રચનારીતિના માત્ર પ્રયોગોમાં જ રાચતી હોય એવી છાપ પાડતી નથી એ એની બીજી લાક્ષણિકતા છે. મોટા ભાગની વાર્તાઓ વર્ણન અને રૈખિક કથનથી ચાલે છે. એવી વાર્તાઓમાં વર્ણન-કથનની સમતુલા જળવાઈ છે ત્યાં પરિણામ સારું આવ્યું છે. દા. ત. 'કાણર', 'વોશીંગ મશીન', 'બુફે'. પણ 'આસ્થા' કે 'ચકરાવો' જેવી વાર્તામાં કથન આદિથી અંત સુધીમાં કથનબિંદુ (ફોક્સ ઑફ નેરેશન)ને વહતું નથી કે વિકસાવી શકતું નથી ત્યારે વાર્તાનું માત્ર વર્ણન નામનું ઘટક જ આસ્વાદ્ય લાગે (તો લાગે); વાર્તા નહીં. એવું જ 'કરિયાવર'નું સમજવું. એવી વાર્તાઓ 'વૃત્તાંત'નિરૂપણમાં સરી જાય છે, વાર્તાન્તર થતું નથી.

વાર્તાન્તરણ માટે લેખક પાસે રૈખિક કથનને આકર્ષક બનાવનારી પ્રયુક્તિઓ પણ છે. 'હોળી'માં પીઠઝબકાર, 'કસ્તર'માં પ્રતીક, 'ગ્રહણ'માં પુરાકલ્પન, 'નીતા'માં સંનિધીકરણ જેવી પ્રયુક્તિ કથનાત્મકતાને પ્રભાવક બનાવવા યોજી હોય તેમ લાગે છે. પણ એનો વિનિયોગ બહુ સફળ પુરવાર થતો નથી. કાવ્યમાં અલંકાર આગંતુક લાગવો જોઈએ નહિ એમ પૂર્વસૂરિઓ કહેતા, તેમ વાર્તાસંરચનામાં પ્રયુક્તિઓ ગોઠવેલી લાગવી જોઈએ નહીં. 'હોળી'માં પીઠઝબકારનું સંધાન થતું નથી. 'કસ્તર'માં વંટોળિયો આવવો જ જોઈએ? કસ્તર પડવું જ જોઈએ? શા માટે? 'ગ્રહણ'ના કિસ્સાના આલેખનમાં રાહુની વારતા બાલાવબોધી મજા કરાવવા સિવાય કાંઈ કરતી નથી; એનાથી તો 'ગ્રહણ'ની ગંભીરતા વીંખાઈ જાય છે. કથનાત્મકતા (નેરેટિવિટી) સાથે પ્રયુક્તિઓનું સામંજસ્ય નથી સધાતું ત્યારે વાર્તાસમગ્રનો અખંડ આસ્વાદ મળવાને બદલે તે વાર્તામાં કાં ભાષાકર્મ, કાં પ્રયુક્તિઓ, કાં સર્જકની અમુકતમુક લાક્ષણિકતાઓ જ અસરકર્તા બને છે, એને બદલે 'કારણ'માં પરિવેશના લસરકા ('વરસાદ વરસતો દરિયો!' વ.) કે 'વોશીંગ મશીન'માં બાના સંવેદન સાથે જોડાતું વોશીંગ મશીન કથનના સહ-સંબંધક તરીકે સુંદરપણે કારગત નીવડે છે. ટૂંકી વાર્તાનાં ભયસ્થાન જ આ છે : એકાદ નાનકડી મર્યાદા/ ભૂલ કે ચૂક/ અનવધાન/ અણઆવડત આખી વાર્તાને એના સ્તરથી ગબડાવી દે. 'દશમન'ની વાર્તાઓમાં ઘણે સ્થળે આવું અનુભવાય છે.

પ્રયુક્તિઓની જેમ પ્રવિધિ (ટેકનિક) પણ એક એક વાર્તાની સ્વાયત્તતા સિદ્ધ કરવા માટે અનિવાર્ય છે. બિપિનની સારી વાર્તાઓ પણ ('વોશીંગ મશીન', 'બૂફે' વ.) રૈખિક કથનમાં એકવિધતાની છાપ પાડે છે તે શક્તિમાન સર્જક તરીકેનું સારું લક્ષણ નથી. રૈખિક કથન સિવાયના પ્રયોગોને તપાસીએ તો, 'દશમન' અને 'ભાવસમર્પણ' જેવી વાર્તાઓ જુદી રીતે કથનકેન્દ્રને તાકે છે. 'હોળી'નો પીઠઝબકાર કલાત્મક વિનિયોગ પામતો નથી, એને બદલે 'દશમન'નું પોત મોન્ટાજથી રચાય છે તે એકદમ દાદપાત્ર છે. 'ભાવસમર્પણ', 'વોશીંગ મશીન' અને 'દશમન'ને સાથે રાખીને તપાસીએ તો પ્રવિધિની વાત વધુ સ્પષ્ટ થશે. વર્ણન-વાતચીતનું ભાષાકર્મ, નર્મમર્મથી કથાનકને જીવંત બનાવનારી વકતા, રોજિંદા જીવનનું સહજ વાસ્તવ ત્રણેમાં છે. પણ 'ભાવસમર્પણ'ની પ્રવિધિ પરિણામકારી બનતી નથી. જ્યારે

વડીલો પ્રત્યેના ઉપેક્ષાભાવને તાકતી બંને વાર્તાઓમાં, 'વોશીંગ મશીન' રૈખિક કથનથી ચાલે છે. સમગ્ર કથન વ્યક્તિગત અને પ્રાસંગિક રહીને બાના કરુણને કંઈક મેલોડ્રામેટિક પણ બનાવે છે. જ્યારે 'દશમન'ની કથનરીતિ બાપા પ્રત્યેના ઉપેક્ષાભાવને જુદાજુદા સંતાન દ્વારા જુદીજુદી રીતે નિરૂપે છે એ વાર્તાને સંકુલ અને ચુસ્ત બનાવે છે. (વિચાર આવે છે : નવી વાર્તા નવીનવી કથનાત્મકતા ખીલવ્યા વગર હાથ નહીં આવે! તમને કેમ લાગે છે?) અને વધુમાં, 'વોશીંગ મશીન' કરતાં 'દશમન'નું કેન્દ્ર સહજ વાસ્તવ સાથે ઉદાત્ત વાસ્તવ (સબ્લાઈમ રિયાલિટી) તરફ વધુ સરસ રીતે ઊપસી રહે છે ત્યારે વાર્તાને પ્રાસંગિકતામાંથી છોડાવીને શાશ્વતીમાં સ્થાપી આપવાનું સર્જકકર્મ જ વાર્તાને અસ્સલ મંઝિલે પહોંચાડશે એમ લાગે છે.

મજલ લાંબી છે અને મંઝિલ દૂર છે એ બિપિન જાણે છે. અને બિપિનના પગમાં શક્તિ છે અને મનમાં ઉત્સાહ છે એ આપણને ખબર છે.

અદૃશ્ય દીવાલો : માવજી મહેશ્વરી	અલ્પોક્તિની અસરકારકતા
પ્રકાશક : આર. આર. શેઠ, અમદાવાદ, ૨૦૦૦. કિં. ૧૬૫. રૂ. ૮૦.	દિલાવરસિંહ જાડેજા

માવજી મહેશ્વરીના પ્રથમ વાર્તાસંગ્રહ 'અદૃશ્ય દીવાલો'માં એમની સત્ત્વશીલ વાર્તાકલાની પહેચાન મળે છે. પહેલું તો, માનવચિત્તની લાગણીઓનું ધમમસતું પૂર વર્ણવવું હોય ત્યારે પણ તેઓ અંડરટોનમાં, અંડર સ્ટેટમેન્ટથી (હળવા અવાજ, અલ્પોક્તિથી) વાત કરે છે. મહેશ્વરી ઊર્મિવેગનો જોરદાર ધક્કો અલ્પોક્તિ દ્વારા સંક્ષેપમાં અસરકારક રીતે અભિવ્યક્ત કરી શકે છે. અને ત્યારેય, ઊર્મિનો પ્રકંપ સહૃદય વાચક અનુભવી શકે છે. લેખકની કથનશૈલી સંયત હોવાને લીધે માનવલાગણીનો ગરમાવો એમની વાર્તાઓમાં ઓઝપાતો નથી. દબાતી કલમે વાત કરવી એનો અર્થ લેખકને મન વાર્તાને દુર્ગમ કે દુર્ભેદ્ય રાખવી એમ થતો નથી. વાર્તાનું હાર્દ સહૃદય સમક્ષ ખુલ્લું તો થાય છે અને છતાં બધું પ્રગટ કરી દેવું એવી વાર્તાકારની નેમ નથી. પ્રગટ અને પ્રચ્છન્ન બંને સાથે ચાલે છે. કથાવસ્તુના તાણાવાણાની વચ્ચે કેટલુંક નિહિત રહે છે. સાથે જ, જે નિહિત છે તેને નાજુકાઈથી ઇંગિત દ્વારા પ્રગટ પણ કરાય છે. લેખકને આ પ્રકારની વાર્તાકલા હસ્તગત છે.

વાર્તાકલાનું આવું સમતોલન મહેશ્વરી જાળવી શકે છે. એમની વાર્તાકલા સહજ રીતે સુવર્ણમધ્ય(ગોલ્ડન મીન)ના માર્ગે આગળ વધે છે. બીજું, ઘટનાઓને ઓગાળી દેવી, નિઃશેષ કરવી એમ નહીં, પરંતુ ટૂંકીવાર્તાના કથાવસ્તુમાં ઘટનાઓનો બોજ વર્તાવા દેવો નહીં અને સાથે જ સૂક્ષ્મતાના સ્તરે થયેલા ઘટનાચિત્રણ દ્વારા કથારસ જાળવી રાખવો – એવો વાર્તાકારનો અભિગમ છે. સૂક્ષ્મતાના સ્તરે યથાશક્ય વાર્તાકર્મ કરવું અને પાત્રના આંતરમનમાં થતી હલચલને નાજુકાઈથી ઉપસાવવી – એ વાર્તાકારને ગમે છે. મનુષ્ય-સંબંધોમાં તિરાડ પડી હોય, તંગદિલી ઊભી થઈ હોય ત્યારે મ્યૂટ (મંદ ઉચ્ચરિત) પ્રકારે એને નિરૂપવાની લેખકની શૈલી છે. જાતીય આવેગોનાં વર્ણનો થાય છે, પણ એમાં સ્થૂળ ડહોળાણ વર્તાતું નથી.

ઝરૂખાની રચના કરતી વખતે શિલ્પકારે એક બુટ્ટો ઉપસાવ્યો. પછી ઝરૂખાના અન્ય ભાગમાં બીજા બુટ્ટા આકૃત કર્યા. આવા બુટ્ટાઓ વચ્ચેનો આંતરસંબંધ જાણતલ વ્યક્તિ પારખે છે. એ રીતે પરિષ્કૃત રુચિના ભાવકે માવજી મહેશ્વરીની વાર્તાકૃતિના સમગ્ર પોતની વચ્ચે ઊપસેલા બુટ્ટાઓના આંતરસંબંધને પારખવો ઘટે. મહેશ્વરીની વાર્તાકલાનો હજુ તો આ ઉદયકાળ છે. ઉપર ઉલ્લેખાયેલાં કૃતિલક્ષણો અત્યારે પ્રસ્ફુટ થતાં આવે છે કે પ્રસ્ફુટ થવાના તબક્કામાં છે, પરંતુ સમય જતાં વાર્તાકલાના નાજુક નકશીકામને ક્ષેત્રે સૂક્ષ્મતાના સ્તરે લેખક વધુ ઊંચી સિદ્ધિ હાંસલ કરે એના અણસાર અત્યારથી વર્તાય છે. છેલ્લી અડધી સદીની એક ઉત્તમ કહી શકાય તેવી નવલિકા 'કાટમાળ' અંજાર(કચ્છ)ના ભીષણ ધરતીકંપના અનુભવ નિમિત્તે માવજીએ તાજેતરમાં આપી છે. (જુઓ : 'નવનીત સમર્પણ', એપ્રિલ-૨૦૦૧) મનુષ્ય હલબલી જાય, મૂળસોતો ઊખડી જાય એવા પ્રચંડ પ્રકંપની

અનુભૂતિને સંયમિત શૈલીએ, ક્યારેક તો મૌનની વાણીમાં, 'કાટમાળ'માં કલાકૃતિરૂપે આવિષ્કૃત કરાઈ છે.

આ સંગ્રહની વાર્તાઓ વાંચતી વખતે, જોકે એવું લાગે કે વાચકની ગ્રહણશક્તિ ઉપર લેખક ક્યારેક વધારે બોજ નાખે છે, વાચકની ગ્રહણશક્તિને કષ્ટ આપે છે. (જુઓ 'ઓળખ' ટૂંકીવાર્તા). વાર્તાકૃતિને અતિસ્ફુટ કરવાની આ વાત નથી. કૃતિને વિશેષ સંમાર્જિત કરી, અતિસ્ફુટ થવાની સીમારેખામાં બંધાયા વિના, પર્યાપ્ત માત્રામાં વાચકગમ્ય કરી શકાય (વાચકગમ્યતાનો આ મુદ્દો, જો કે ભાવકસાપેક્ષ રહેવાનો). વળી, આ સંગ્રહની બધી વાર્તાઓ એકસરખી સર્જક કોટિની જણાતી નથી. એમ હોય તો સાનંદાશ્ચર્ય થાય, કારણ સર્જકની એક સાહિત્યસ્વરૂપની વિવિધ રચનાઓમાં ઉચ્ચાવચતા રહેવાની. 'અદશ્ય દીવાલો'ની કેટલીક વાર્તાઓ અણસરખી લાગે છે. 'વિદાય', 'શિરચ્છેદ' એવી અણસરખી ને નબળી રચનાઓ છે.

મહેશ્વરીનું સર્જકકર્મ કૃતિના ઝીણવટભર્યા આલેખનમાં જેમ પ્રગટ થાય છે તેમ સમગ્ર વાર્તાના અવિયોજ્ય અંગરૂપ બની રહેની ગદ્યછટામાંય તે વ્યક્ત થાય છે. અહીં ગદ્યછટા દ્વારા લેખનની ઝાકઝમાળ કે કેળવેલી વાગ્મિતા અભિપ્રેત નથી. હું તો, માનવચિત્તની વૃત્તિઓને સ્વાભાવિક રીતે પ્રગટ કરતું ગદ્ય, વાર્તાની સમગ્ર ભૂમિકાને અનુરૂપ એવું શિષ્ટ તેમજ ક્યારેક થોડી કચ્છી છાંટવાળું તળપદું ગુજરાતી ગદ્ય સહજ રીતે પ્રયોજવાના લેખકના કૌશલનો અહીં નિર્દેશ કરવા ચાહું છું. શબ્દપ્રયોજનમાં ન ઓછું કે ન વત્તું. વાર્તાકલાના સંદર્ભમાં ગદ્યલેખન સપ્રમાણ જણાય છે. કૃતિની આવશ્યકતા અનુસાર વાર્તાકાર વિગતખચિત વર્ણનો કરે છે. એમાં બિનજરૂરી ફેલાવો કે ફુગાવો નથી હોતો. વિગતખચિત વર્ણનો તેથી બોજરૂપ બનતાં નથી. વળી, કલમના એકાદ-બે લસરકામાં પાત્રમનના ખળભળાટને લાઘવમાં વર્ણવવાની પણ તેમની પાસે શક્તિ છે. એનાં ઉદાહરણો જોઈએ : 'ઘા-ઘોડો લખમાની છાતી પર ચીપકી ગયો. ભાણજીએ તરત ઝાપટ મારી. એની આંગળીઓ છાતીના ઉભારને ધ્રુજાવી ગઈ. આખુંય શરીર ઝણઝણી ગયું ('ભરોસો'). 'ભાણજીનો અવાજ ગડથોલિયું ખાઈ ગયો' (એ જ). લખમાની 'વર્ષોથી તરફડતી છાતી અને પેટના પોલાણે ધક્કો માર્યો' (એ જ). 'નેણુ'ના રતુમડા ગાલે તડકો ભોંકાતો હતો' ('વરસાદ'). 'સીમ ધીમે ધીમે અંધારામાં ઓગળતી હતી. હવે તો ક્યાંય કશું દેખાતું પણ ન હતું' (એ જ). પાત્રચિત્તના ખળભળાટને, ક્ષુબ્ધતાને કોઈ આક્રોશ વિના માર્મિક રીતે વાર્તાકાર વર્ણવી શકે છે.

કથાબીજને વિકસાવવાની, વાર્તાને નૈસર્ગિક રીતે કહેવા-આલેખવાની કળા આ વાર્તાકાર ધરાવે છે. વાર્તાનું સમાપન પણ નજરમાં વસી જાય છે. ભૂતકાળમાં લખાયેલી અન્ય લેખકોની કેટલીક ગુજરાતી વાર્તાઓનો અંત અણધાર્યો કે પછી 'પૂંછડિયે ડંખવાળો' જોવા મળતો. એ અર્થમાં 'અદશ્ય દીવાલો'ની કૃતિઓના સમાપનને સરખાવવા ઇચ્છતો નથી. 'વરસાદ' વાર્તા કરુણાંત છે. લાગણીના ઘેરા-ઘાટા રંગોને પ્રયોજ્યા વિના ઇચ્છિત પ્રભાવકતા ઉપસાવી શકાય છે. દીવો ધીમેધીમે ઓલવાતો જાય એ રીતે 'વરસાદ' કૃતિ સમેટાઈ જાય છે. 'ભરોસો' વાર્તાના અંત ભાગે લખમાને એનો પતિ (વેલજી) ભગત કહે છે : 'મેં તો મારું બધુંય અલખધણીને સોંપી દીધું છે. કાલે મારી લાજ બચી ગઈ ને?' વ્યંજનાત્મક આ વાણી સાંભળી વાચકને તરત મનમાં સ્ફુરશે : કોની લાજ બચી ગઈ? ભગતની કે લખમાની?

કચ્છના વતની માવજી મહેશ્વરી (જ. ૧૯૬૪) 'અદશ્ય દીવાલો'ની પ્રસ્તાવનામાં લખે છે : 'આખાયે ભારતમાં કચ્છ એવો પ્રદેશ છે જ્યાં દલિતો અને સવર્ણો વચ્ચે ઓછામાં ઓછી દૂરી હતી અને છે. એટલે (દલિત ખેડૂત તરીકે) વેઠવાનું બહુ ઓછું આવ્યું છે.' (પણ) 'ક્યારેક વિચલિત કરી મૂકે' એવી આજુબાજુની 'સૂક્ષ્મ અસરો' અનુભવાઈ હોય ત્યારે 'દલિત કૃતિ લખાઈ જાય છે, અનાયાસ.' અનાયાસે લખાયેલી આવી બે કૃતિઓ 'સેફ ડિસ્ટન્સ' અને વાર્તાસંગ્રહનું શીર્ષક ધરાવતી 'અદશ્ય દીવાલો' છે. 'અદશ્ય દીવાલો' વાર્તાકારની ઊંડી સંવેદનશીલતામાંથી જન્મેલી કૃતિ છે. ત્યાં પણ સર્જકને શોભે એવી તટસ્થતાથી પોતાની અકળામણ વાર્તાકારે સુરેખ રીતે ચિત્રિત કરેલી છે.

'અદશ્ય દીવાલો' શીર્ષકવાળી કૃતિમાં દલિત કુટુંબમાં જન્મેલા રામજીની વાત છે. નાના ગામની શાળામાં તે ભણે છે. સીધી સરળ રીતે લખાયેલી આ કૃતિમાં બાળ રામજીની આપણને અંદરથી સ્પર્શી જાય એવી વેદનાનું ચિત્રણ થયું છે. લેખકે એ વર્ણન આ રીતે કર્યું છે : 'ગામમાં એક દિવસ ધામધૂમ હતી. દહેરાસરમાંથી સરઘસ નીકળી ચૂક્યું હતું. સરઘસમાં સપ્તરંગી માફા સાથે વેલડું શોભતું હતું. વેલડાની આગળ બગલાની પાંખ જેવાં સફેદ ધોતિયાં અને તેવાં જ

ઉપવસ્ત્રો ધારણ કરી મુનિરાજો ધીમી ગતિએ ચાલતા હતા. મુનિરાજોની આગળ કન્યાઓ તબલાં અને ઝાંઝના તાલ ઉપર ચામર ઢોળતી નૃત્ય કરતી આવતી હતી. વેલડાની પાછળ સુંદર વસ્ત્રોમાં સજ્જ સન્નારીઓ માથે મોતી ભરેલ નાળિયેર મૂકેલા કળશ લઈ ગાતી ગાતી ચાલતી હતી. સદ્‌ગૃહસ્થોના ચહેરાઓ ઉપર આનંદ ઝગમગતો હતો. વેલડાની અંદર એક વયોવૃદ્ધ મુનિશ્રી બેઠા હતા.

બાળ રામજી ખૂબ આનંદથી આ બધું જોતો જોતો સરઘસ ભેગો ચાલ્યો આવતો હતો. એને આ દૃશ્ય ગમતું હતું. અને છતાં એને ખબર ન પડે એ રીતે લાગતું હતું કે આ બધાથી તે અલગ હતો. આવું થતું ત્યારે તે ઉદાસ થઈ જતો. (આનંદ અને એની વચ્ચે ડોકાતી ઉદાસીનું સંયુક્ત ચિત્ર અહીં અપાયું છે.) નિશાળમાંથી એને મળેલું ખાદીનું સફેદ ખમીસ મેલુંદાટ થઈ ગયું હતું. એના હૃદયમાં દુઃખ થયું. છતાં મનને મનાવી, હોળી ઉપર સિવડાવેલ પટ્ટાપટ્ટી લેંઘો અને ખમીસ હજુ નવાં જેવાં હતાં. એ પહેરી, ઘરમાંથી દોટ મૂકી, સરઘસમાં રામજી જોડાઈ ગયો. સરઘસમાં સામેલ થયેલા એના સહપાઠીઓ આજે રોજના જેવા લાગતા નહોતા. હંમેશા ચૉકલેટ આપી બદલામાં દાખલા ગણી આપવાનું કહેતો ચંદ્રેશ આજે તો જાણે એને ઓળખતો પણ નહોતો. રામજીને સહેજ ખૂંચ્યું પણ એ તરત ભૂલી ગયો.

સરઘસ ગામની નિશાળમાં પહોંચ્યું. ત્યારે રામજીને થયું જાણે તે પોતાના ઘરમાં આવ્યો અને વર્ગશિક્ષક હરેશભાઈ બધા છોકરાઓની વચ્ચે એની પીઠ થાબડતા. નિશાળમાં રામજી જાણે રાજા હતો. આજે તો નિશાળના મધ્યખંડમાં પ્રભુજીને બેસાડ્યા હતા. રામજી ભીડ વચ્ચેથી ઘૂસી ભીંત પાસેના બાંકડા પર બેસી ગયો. એટલામાં ચામર સાથે નૃત્ય શરૂ થયું. રામજી એ તાલમાં ખોવાતો ગયો. પણ... એને સમજ ન પડી કે કોણ એનો હાથ પકડી ઘસડીને ખંડ બહાર મૂકી ગયું. એ બહાવરો બની આજુબાજુ જોવા લાગ્યો. ક્યાંકથી એના કાન પર શબ્દો અથડાયા, હથોડાની જેમ–

'કાં કોણ હતું?'

'– અરે! જીવાનો છોરો હતો. હવે તો અહીં સુધી હાલ્યા આવે છે.'

રામજીના ગળામાં પીડાનો ધોધ આવીને અટકી ગયો. અને એને રડવું આવતું હતું પણ એક ડૂસકું ય ગળામાંથી ન નીકળી શક્યું. હરેશસાહેબે તો જોયું પણ નહીં? – આ વિચારે રામજીનું નાનકડું હૈયું કલ્પાંત કરી ઊઠ્યું. રડતી આંખે અને બળતા હૈયે ઘેર પહોંચ્યો. માને જોઈ એના હૈયાના બંધ તૂટી પડ્યા. – 'આપણાથી અંદર ન જવાય દીકરા અંદર ન જવાય,' કહેતી માએ આભ સામે જોઈ નિસાસો મૂક્યો.

– 'શા માટે ન જવાય?' રામજીનાં આંસુ ગુસ્સામાં ફેરવાઈ રહ્યાં હતાં... રામજીનો પ્રશ્ન અનુત્તરિત રહે છે. નિશાળમાં પ્રવેશ મળે, વર્ગમાં પોતાના શિક્ષકનો પ્રિયપાત્ર હોય, પણ જ્યારે ધર્મ કે સંપ્રદાયનો ઉત્સવ પોતાની નિશાળમાં યોજાય ત્યારે અદૃશ્ય દીવાલો દલિત કુટુંબમાં જન્મેલા બાળ રામજીને અપમાનિત કરી બહાર હડસેલી મૂકે છે. વાર્તામાં લેખક બોલતા નથી. ટૂંકીવાર્તાને જ લેખક બોલવા દે છે. અમાનવીય પરિસ્થિતિનું, વાચકને ક્ષુબ્ધ કરી મૂકે એવા વ્યવહારનું વાર્તાકાર વર્ણન કરે છે, અક્ષુબ્ધ રીતે. અહીં રોષ છે પણ રોષની અભિવ્યક્તિ પોતીકી મંદઉચ્ચરિત ઢબે થાય છે. રામજીનો જાહેરમાં હડધૂત થવાનો અનુભવ, એમાંથી જન્મતી એની યાતના અને રોષ લેખકની વંચિતોવિષયક કૃતિમાં પ્રભાવક રીતે વ્યક્ત થાય છે.

'અદૃશ્ય દીવાલો'માં રહિતો (હેવ નૉટ્સ) અને સહિતો (હેવ્ઝ) વચ્ચેના સંબંધોના આલેખનમાં બંને સમાજને સ્થિતિચુસ્ત જડબેસલાક એવા ધોળા અને કાળા અલગ ચોકઠાઓમાં લેખક બાંધી દેતા નથી. સહિતો (હેવ્ઝ)ની સારપ એમની નજર બહાર જતી નથી. માવજી મહેશ્વરીમાં રહેલા સર્જકને માનવોમાં અને માનવસંબંધોમાં રસ છે, મનુષ્યને જુદાજુદા વાડામાં પૂરતી વૃત્તિમાં નહીં. દલિત સમાજને અનુભવવી પડતી હીણપત તથા દલિત-સવર્ણ વચ્ચે રહેલી અદૃશ્ય દીવાલનું વાર્તાકાર સહજ રીતે વર્ણન કરે છે. પરંતુ ત્યાંય 'દલિત વાર્તા ટૂંકીવાર્તાનાં કળાગત લક્ષણોથી જુદી તો નથી જ' (મોહન પરમાર) – એવું દૃષ્ટિબિંદુ સર્જક મહેશ્વરીની નજર સમક્ષ રહ્યું છે. એમની વાર્તાઓ વાંચતી વખતે 'દલિતતા' અને 'સર્જકતા' વચ્ચે સ્થિતિચુસ્ત દીવાલની આડશ રહેતી નથી. એવી સૂઝ વાર્તાકાર મહેશ્વરી પાસે છે.

મિશ્ર લોહી : ઈવા ડેવ — આંતરદેશીય લગ્નસમસ્યાની સંવેદનકથા

રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૯. ડે. ૧૭૨, રૂ. ૯૦

શરીફા વીજળીવાળા

'ઈસુને ચરણે' તથા 'પ્રેયસી' જેવી, નોખા વિષયવસ્તુને સ્પર્શતી લઘુનવલના લેખક ઈવા ડેવ ૨૮ વર્ષના અંતરાલ પછી ત્રીજી લઘુનવલ 'મિશ્રલોહી' આપે છે. આ કૃતિમાં પણ લેખક ચીલાચાલુ વિષયવસ્તુથી દૂર રહ્યા છે. હપ્તાવાર છપાઈ હોવા છતાં ક્યાંય વસ્તુસંકલનામાં શિથિલતા કે ઝોલ પ્રવેશી નથી. દરેક પ્રકરણને અંતે ભાવકને આંચકા આપવાની વૃત્તિથી પણ લેખક પરે રહ્યા છે. આપણા લેખકે હજુ આંતરધર્મી લગ્નો અને તેના પરિણામે ઊભી થતી સમસ્યાઓ આલેખવાની બાકી છે. ઈવા ડેવે આ નવલકથામાં આંતરદેશીય – વર્ણસંકર સંતાન સાથેના – લગ્નને પરિણામે ઊભી થતી સમસ્યાને કેન્દ્રમાં રાખી છે. લેખકને સમસ્યા કરતાં વધુ રસ એના માનવીય ઉકેલમાં છે એ જોઈ શકાય છે. આર્ય–અનાર્ય પ્રજાના મિલનથી ચાલી આવતી આ સમસ્યા યુગો પછી પણ વણઉકલી જ રહી છે. કહેવાતા ઉદારમતવાદીઓ પણ આનુવંશિક લક્ષણો બાબતે પૂર્વગ્રહથી પર નથી રહી શકતા એ આ સમસ્યાનું મૂળ કારણ છે. આ કૌટુંબિક અને સામાજિક સમસ્યાનો ઉકેલ માત્ર ઉદાત્ત, સમજભર્યા માનવીય અભિગમથી જ આવી શકે એવું લેખક દર્શાવી શક્યા છે. આ પ્રકારના વસ્તુને ન્યાય આપવા માટેની ક્ષમતા આ સર્જકમાં છે. દેશવિદેશમાં ફરેલા સર્જકનું અનુભવવિશ્વ અહીં નિરૂપાયેલ માહોલ ઊભો કરવા માટે સક્ષમ છે. પાત્રોના ચિત્તની અકળ લીલાઓને પ્રગટ કરવાની એમની ફાવટ પણ ઉપકારક બને છે.

નવલકથામાં સમયની સંકલના કૃતિને મુખ્ય ઘટનાપ્રવાહમાં વહેંચી આપે એ પ્રકારની છે. નવલકથાનો સમય અને પરિણામે ઘટનાક્રમ અણિમાની હાજરીની સાપેક્ષ ચાલ્યા છે. તેની ગેરહાજરીનાં વર્ષો બે-ચાર લીટીના વિગત-સાર(સમરી) દ્વારા સમેટાયાં છે. મુખ્ય ઘટનાક્રમને કંઈક આમ વહેંચી શકાય :

૧. નવલકથાના આરંભે શરદ-મંજુની એકની એક, લાડકી દીકરી અણિમા નિર્ધારિલ ઉદ્દેશ અર્થે અમેરિકા જવાની તૈયારીમાં છે. આ દરમ્યાન થતી વાતચીતો અને બનતા પ્રસંગો દ્વારા અણિમાનું વ્યક્તિત્વ તથા મંજુ-શરદનું દાંપત્ય પ્રગટ થતાં રહે છે. મંજુના અને દાદીના આક્રોશમાં સ્ત્રીઓના સદીઓ પુરાણા પ્રશ્નો પડઘાય છે.

૨. આફ્રો–અમેરિકન બ્રાક શૂમ્પકરના પ્રેમમાં પડી, મૂંઝાઈને દોઢેક વર્ષે અણિમા ઉકેલ માટે મા-બાપ પાસે દોડી આવે છે ત્યારે એને પોતા પ્રત્યેની બ્રાકની લાગણી બાબતે કોઈ અંદાજ નથી. મંજુ-શરદ પ્રથમ પ્રતિક્રિયા રૂપે અણગમો વ્યક્ત કરે છે. લોહીઝાણ ચર્ચાઓ પછી શરદ હંમેશની ટેવ પ્રમાણે અણિમાને પોતાની રીતે નિર્ણય લેવાની છૂટ આપે છે.

૩. નર્મદાકાંઠે નિવૃત જીવન વિતાવતાં શરદ-મંજુને લાંબા સમય પછી ફોન કરી અણિમા અમેરિકા બોલાવે છે. બ્રાકથી છૂટા થવા વિશે, પોતાની સગર્ભાવસ્થા વિશે વાત કરે છે. બ્રાકના કુળનાં લક્ષણો લઈને જન્મેલી દીકરીને જોઈને ભડકેલી અણિમાનું વલણ અણધારી સમસ્યા ઊભી કરે છે. અણિમાએ ધુત્કારી કાઢેલી દીકરીને મંજુ ગળે લગાવે છે અને ભારત લઈ આવે છે.

સદ્ય કથાપ્રવેશ કરાવતી કૃતિમાં સમગ્રપણે કથનનો દોર સર્વજ્ઞ સર્જકના હાથમાં રહ્યો છે. પાત્રો મોટાભાગે સંવાદોથી, કાર્યોથી ઊઘડતાં આવ્યાં છે. એકાદ-બે જગ્યાએ લેખક પાત્ર વિશે વિધાન કરી બેઠા છે. બાકી તો ભાવકે સંવાદો પરથી પાત્રને પામવાનું રહે છે. કલમના એકાદ લસકરે જીવંત બની ઊઠેલાં દાદા, દાદી, એલિસ, બ્રાક, ટેરી ડગ્લાસ વગેરે પાત્રો નવલકથામાં બહુ ઓછું સ્થાન રોકતાં હોવા છતાં આપણા મન પર કાયમી છાપ છોડી જાય છે. લેખક દરેક પાત્રથી સરખું અંતર જાળવી શક્યા છે. લગ્નવિચ્છેદ, એ પછીનાં મનોમંથનો, એ અંગેની દલીલબાજીમાં લેખક પક્ષકાર નથી બન્યા. શરદ-મંજુની જેમ લેખક પણ અણિમા પ્રત્યે જરાક ફૂણું વલણ ધરાવતા લાગે. જો કે એના કારણે અણિમાના

પાત્રનું સાતત્ય જોખમાયું નથી. એટલે ફરિયાદને અવકાશ નથી. પૂર્વપશ્ચિમના જીવન અને જીવનમૂલ્યો વચ્ચેનો તફાવત પાત્રો દ્વારા વ્યક્ત થવા દીધો છે. ભૌતિક સગવડો, વ્યવસ્થાતંત્ર વિશે કહી બતાવ્યું છે પણ સ્નેહ, સહિષ્ણુતા, બીજા માટે જીવવાની, જતું કરવાની ભાવનાની વાત વગરબોલ્યે વ્યક્ત થવા દીધી છે.

નવલકથાની વસ્તુસંકલના, સમગ્ર ઘટનાક્રમ જેની હાજરીની સાપેક્ષ ચાલ્યો છે તે અણિમા કેટલી હોંશિયાર, નસીબદાર, તેજતર્રાર, જિદ્દી, આળી, આવેગમાં વહી જનારી છે એ બધું સંવાદો, પ્રસંગો પરથી પામી શકાય છે. અણિમા જેની પાછળ પડે તેને મેળવીને જંપે એવી જિદ્દી છે. ભલે પછી તે અમેરિકા જવાનો ઉદ્દેશ હોય કે આફ્રો-અમેરિકન બ્રાક શૂમ્પકર સાથેનું લગ્ન હોય. અધીરી, ચંચળ, ઉતાવળી ને અવિચારી અણિમા લગ્ન પહેલાં બ્રાક વિરુદ્ધ કોઈ દલીલો સાંભળવા તૈયાર નથી અને બ્રાકથી છૂટા પડ્યા પછી બ્રાક વિશે કશું જ સાંભળવા તૈયાર નથી. અણિમાની સમજ માટે વારંવાર પ્રશ્નો થાય છે. અણિમા મેચ્યોર છે એવું શરદ વારંવાર કહે છે પણ એના નિર્ણયો આપણને એ બાબતની પ્રતીતિ નથી કરાવતા. મંજુ એને પૂછે છે : 'બ્લૅક છે?' ત્યારે અણિમાનો જવાબ કેવો અદ્ધર છે! : 'બરાબર ખબર નથી. પણ 'મિક્સ્ડ' જરૂર છે. કદાચ એની મા વ્હાઈટ છે.... કે વેલ મારે આ વિશે ખાસ વાત થઈ નથી' (૪૪). આપણને અણિમાના વર્તન માટે આશ્ચર્ય થાય જ. બ્રાક વિશે કોઈ નક્કર માહિતી નથી, હજી તો માત્ર દોસ્તી છે, પોતે ચાહી બેઠી છે પણ પેલાની લાગણી વિશે કોઈ સ્પષ્ટતા નથી ને અણિમા મૂંઝાઈને ભારત છોડી આવી છે. જે એની સમજ નહીં, નાદાની સૂચવે છે. શરદ ગુસ્સે થઈ કહી ઊઠે છે : 'શું હું એ તારવું કે ગાંડાની જેમ તું જ એની પાછળ દોડી રહી છે? વનસાઈડેડ અફેર!'(૫૪) અંતે મગજ ગુમાવી બ્રાક જે દોષારોપણો કરે છે એમાં અણિમા હાથ ધોઈને પાછળ પડી હતી એનો ઉલ્લેખ છે જ. લગ્ન અને છૂટા પડવા બાબતે એના નિર્ણયો ઉતાવળા, અવિચારી હતા એ બાબતે શરદ-મંજુની સાથે એલિસ પણ સંમત છે. આંધળુકિયા કરવા નીકળેલી અણિમાને પિતાએ બે બાબતે ચેતવી હતી. એક તો સામા પાત્રની લાગણી જાણવા વિશે અને બીજી જાતિ, દેશ, સંસ્કાર બધી રીતે અલગ વ્યક્તિ સાથે પરણ્યા પછી ઊભી થનારી ભવિષ્યની સમસ્યા વિશે. શરદે સ્પષ્ટ કહેલું: 'તને જે ઠીક લાગે તે કરજે, પણ તારી કૂખે જન્મ લેનાર ફરજંદના સ્થિતિ, સ્થાન, ભવિષ્યના પ્રશ્નને મામુલી સમજી ફગાવી ના દઈશ બેટા' (૭૬). પિતાએ છરીની ધાર જેવા કેટલાય પ્રશ્નો કરેલા લગ્ન પહેલાં, તોય બાળક વિશે અણિમા નથી જ વિચારતી. આર્ય-અનાર્યવાળી દલીલ કરનારી અણિમા પછીથી દીકરીને નથી સ્વીકારી શકી. બ્રાક હોય કે દીકરી – અણિમાના પ્રતિભાવો એટલા ઉગ્ર, આવેશભર્યા છે કે એ સમાધાન કરી જ નથી શકતી. પોતાની મહત્ત્વાકાંક્ષાઓ, ઉદ્દેશ સાથે લેશમાત્ર સમાધાન કરવા તૈયાર નથી એને અણિમાનો ગુણ માનીએ પણ પસંદગી કરનારે પરિણામ માટે તો તૈયારી રાખવી પડે. પોતાના નિર્ણયોનું પરિણામ પોતે જ વેઠવાનું હોય એવું સમજવા અણિમા તૈયાર નથી. જવાબદારીની પળે એ પલાયન કરે છે. મનોવૈજ્ઞાનિક સ્તરે એના આવા સ્વભાવ માટે એક-બે પરિબળોને જવાબદાર ઠેરવી શકાય :

૧. એ હોંશિયાર છે, દેખાવડી છે. વધુ પડતી આળપંપાળ અને સ્વતંત્રતાએ એને જિદ્દી બનાવી છે. મિશ્ર લોહી ધરાવતા બ્રાક સાથે પરણવાનો નિર્ણય કદાચ મા-બાપે ના પાડી એની પ્રતિક્રિયામાંથી, ધાર્યું કરવાની પ્રકૃતિમાંથી લેવાયો.

૨. નિર્ણયનું પરિણામ ધારો કે વિપરિત આવે તો સ્નેહાળ માતા-પિતા બેઠાં જ છે ઉકેલ માટે – એવી હંમેશની આસાયેશે એને જવાબદારી લેતી કરી જ નથી.

૩. જેની બધીજ જિદ્દ હંમેશા સંતોષાઈ હોય એવા એકલા બાળક તરીકે ઉછરેલી અણિમા અમુક અંશે સ્વકેન્દ્રી પણ છે... બ્રાકને પરણવા તૈયાર થઈ ત્યારે એણે મા-બાપનો વિચાર નથી કર્યો. મા-બાપના જીવવા માટેનું કારણ પોતે હતી એ તે જાણે છે. શરદે ગુજરાત જતી વખતે એને કહેલું 'તું એનો, અમારો કેવડો મોટો સહારો છે તેનો અંદાજ તને આવી શકે એમ નથી' (૨૫). લાંબા સમય સુધી મા-બાપ સાથે તમામ સંપર્ક કાપી નાખતી અણિમા બીજાની લાગણીનો વિચાર કરે છે ખરી? એવો પ્રશ્ન થાય. જીવનમાં સમસ્યા ઘેરાતાં વળી મા-બાપ યાદ આવે છે. અણગમતું સંતાન જન્મતાં ફરી એકવાર તે માત્ર જાતનો જ વિચાર કરે છે – એટલી હદે કે દીકરીને

લઈને જતી માને પણ 'એની પાછળ મને ભૂલી ના જતી' એવા અર્થનું કહી બેસે છે. એ કબૂલે પણ છે 'મેં વિચારો મને કેન્દ્રમાં રાખીને જ કર્યા છે' (૧૬૪). જોકે દીકરીને નહીં રાખવા બાબતે એનાં સ્પષ્ટવક્તવ્ય ને નિખાલસતા માટે માન પણ થાય ને 'બ્રાકની બેટી છે, બ્રાક લઈ જાય' – એવા વગરવિચાર્યે કરાયેલા ઉદ્‌ગારો વિશે પ્રશ્ન પણ થાય. અણિમા આવી જ છે. આરંભથી લઈને અંતસુધી. અધીરી, જિદ્દી, ધાર્યું કરવાવાળી, વગર વિચાર્યા પગલા ભરવાવાળી, પોતાનો જ વિચાર કરનારી, સમસ્યા ઊભી થાય એટલે મા-બાપનો આશરો શોધનારી... લેખકે એને સુધારી નાખવાની કોશિશ નથી કરી. એના જીવનમાં બની ગયેલી આટલી મોટી ઘટનાઓએ પણ અંદરખાનેથી એને બદલી હોય, ઘડી હોય એવું લાગતું નથી. એ કબૂલે પણ છે : 'હું જીવનમાં લગારે ઘડાઈ નથી' (૯૭). સ્પર્ધાત્મક જીવન તરફની દોટ અણિમા જેવી સ્વકેન્દ્રી છોકરીમાં જલદી જાગે એ સમજી શકાય. એ ભારતીય જીવનમૂલ્યોની પ્રતિનિધિ કરતાં ભૌતિક વિશ્વની વર્કોહોલિક સોસાયટીની પ્રતિનિધિ વધુ દેખાશે. હું ભારતીયતા કે આદર્શ માતા કે એવા કશાની તરફેણ નથી કરતી પણ પસંદગી કર્યા પછી પરિણામની તૈયારી હોવી જોઈએ એવું માનું છું. અણિમાનું પલાયન કઠે છે. જોકે પાત્રનું સાતત્ય કશે જોખમાયું નથી એ કબૂલવું રહ્યું.

આંતરદેશીય–આંતરજાતીય લગ્નોના પરિણામે ઉત્પન્ન થતાં સંકર સંતાનોના રૂપરંગનો પ્રશ્ન કાળક્રમે ઉકેલાય....પણ આ કાળ સદીઓમાં મપાય એટલો લાંબો હોવાનો...કાળા-ગોરાની સમસ્યા નજીકના ભૂતકાળની છે એટલે આ સંતાનો સહજ સ્વીકાર્ય ન જ હોય. આશ્ચર્યની વાત તો એ છે કે બ્લેક કે વ્હાઇટ એક પણ સમાજ આવા સંકર સંતાનને સ્વીકારવા તૈયાર નથી થતો. આવું સંતાન સતત અવમાનના પામીને, સમાજમાં ચોતરફથી તિરસ્કૃત થઈને જીવતું હોય છે. સ્વાભાવિક છે કે આવું બાળક નોર્મલ ન જ બને. અણિમાની તેજસ્વી મેધા બ્રાક સંદર્ભે આ સત્ય કેમ ન સમજી શકી? બ્રાકને એના માહોલે, એના ઉછેરે આવો બનાવ્યો છે. અણિમાએ બ્રાકની આવી ઓળખ આપેલી છે : 'એ બહુ જ સેન્સિટિવ ને આર્ટિક્યુલેટ વ્યક્તિ છે. ઊર્મિલ, વેલરેડ અને સમજુ માણસ છે' (૫૨). લગ્ન પછીના બ્રાક વિશે એ કહે છે : 'તે એટલો નરમ, સમજુ અને છતાંય રોમેન્ટિક હતો!... એટલા બધા ઋજુ સ્વભાવના માણસનો મને જીવનમાં પહેલી વખત પરિચય થયો'(૧૨૦). અણિમા પછીથી એના ડ્રગ્સની લત વિશે, આળસુ સ્વભાવ વિશે કહે છે. પણ આપણે એના અભિપ્રાયથી જ ચલાવી લેવું પડે છે. અલબત્ત, એલિસની અમુક ટીકાઓથી બ્રાક વિશે અણિમા અંતિમવાદી અભિપ્રાયો આપી રહી છે એવું લાગે. વળી અણિમા બ્રાકને ઘર છોડી જવા કહે છે ત્યારે કોઈ પણ જાતના તમાશા વગર એ ઘર છોડી ગયો છે. છૂટાં પડી ગયેલાં મા-બાપનું સંતાન હોવાને કારણે બ્રાક રખડી-રવડીને જ મોટો થયો હશે. કુટુંબ અને સમાજથી સતત હડધૂત થનાર બ્રાક પરિસ્થિતિવશ કદાચ ડ્રગ્સની લતે ચડ્યો હશે. બ્રાક શરદને કશુંક કહેવા ઇચ્છતો હતો પણ દીકરીના દેખાવે ગૂંચવી નાખેલા કોકડા પછી એ કશું બોલતો નથી. અલબત્ત શરદ સાથેની મુલાકાતમાં એના પ્રભાવશાળી દેખાવની, સૌમ્ય અને પારદર્શક વર્તનની નોંધ લેવાઈ છે. લેખકના તટસ્થ વલણને કારણે બ્રાકની પીડા મંજુની જેમ ભાવકને પણ સ્પર્શી જાય છે.

આવનાર બાળકને અણિમા અને બ્રાક બંને નથી આવકારી શક્યાં. અણિમા આમ કહીને નકારે છે : 'જો, એને બરાબર જો, એ સંપૂર્ણપણે બ્રાકની બેટી છે. આપણો, આપણા કુટુંબને કોઈ અંશમાત્ર દેખાય છે એનામાં?'(૧૪૫). પોતે મિશ્ર લોહી ધરાવતો હોવા છતાંય પોતાની ગોરી ચામડી માટે અભિમાન ધરાવતો બ્રાક પણ દીકરીને જોઈને આવું જ બોલે છે : 'ભગવાનનો શો જલ્લાદ ઝાટકો છે! ત્રણચાર પેઢી પહેલાંના મારા કોઈ પૂર્વજનાં લક્ષણો લઈને એ આવી છે?'(૧૫૨). બંનેને સંતાન પોતા જેવું નથી એ માટે ફરિયાદ છે. જો કે અણિમા કરતાં બ્રાકનું સંતાન પ્રત્યેનું વલણ હૂંફાળું છે. મંજુ એને સાચવશે એ વાતથી બ્રાક સાચા અર્થમાં ખુશ છે. અણિમા માટે એવું કહી શકાય એમ નથી. નવાઈ તો એ છે કે મંજુ-શરદના પ્રસન્ન દાંપત્યનું સંતાન અણિમા ભૌતિક વિશ્વમાં, ખોવાઈને વર્કોહોલિક થઈ ચૂકી છે, જ્યારે ભગ્ન દાંપત્યના, રખડી-રવડીને હડધૂત થઈને મોટા થયેલ સંતાન બ્રાકને આ ભૌતિકતા ઝાઝી સ્પર્શતી હોય એવું નથી લાગતું. મંજુ-શરદ સહિષ્ણુતાભર્યા

સ્નેહસભર સહજીવનનો આદર્શ છે તો અન્નિમા સ્વકેન્દ્રી તડ અને ફડનો.

આરંભથી અંત સુધીમાં જો કોઈ બદલાયું હોય, સતત ઊર્ધ્વ દિશામાં વિકસતું રહ્યું હોય તો એ છે મંજુનું પાત્ર. અમુક અંશે રૂઢિચુસ્ત, પીવા બાબતે કાયમ શરદ સાથે ઝઘડા વહોરી લેતી મંજુ નવલકથાના અંતભાગે ખુશીના પ્રસંગે હાથમાં પીણું લઈને પ્રવેશી શકી છે. બ્રાક સાથેના લગ્નની વાતે સ્પષ્ટપણે પોતાનો પૂર્વગ્રહ વ્યક્ત કરી ચૂકેલી મંજુ અન્નિમાની દીકરીને હાથમાં લેતી વખતે પળવાર માટે પણ એના દેખાવ તરફ નથી જોતી. નર્યા વહાલથી એને ગળે લગાવે છે. પૂર્વગ્રહોથી પર થવાની શક્તિ, સહિષ્ણુતામાં એ શરદને ચડી જાય છે એવું ખુદ શરદ કબૂલે છે (૧૩૯). દીકરીની વિદાયથી ઊભા થયેલા ખાલીપાને મંજુએ રચનાત્મક પ્રવૃત્તિઓથી સભર બનાવ્યો છે. જૂની ગ્રંથિઓ છોડી એ વધુ સ્નેહાળ, વધુ સહિષ્ણુ બની છે. સંતાન બાબતે કોકડું ગૂંચવી દેતી લાડકી અન્નિમાને મંજુ મોઢા પર કહી શકી છે : 'મોટે ઉપાડે, ઘણી પાછી વાળી છતાંય, લગન કરવાનાં આંધળિયાં કર્યાં. ભૂલ એણે કરી અને દોષી આને ઠરાવે છે! આ અન્યાય મારાથી નહિ સંખાય.' (૧૬૦). મંજુની કોઠાસૂઝ, સ્પષ્ટ અને નિખાલસ વાતો અનેકવાર શરદના ભારેખમ જ્ઞાનને માત દઈ ગઈ છે.

શરદના પાત્ર સાથે અનાયાસે લેખકની એક-રૂપતા (આઈડેન્ટિફિકેશન) સધાતી હોય એવું મારી જેમ અન્યને પણ લાગી શકે. બુદ્ધિશાળી શરદ તટસ્થબુદ્ધિથી નિર્ણયો લે છે અને જરૂર પડ્યે લાગણીથી દોરવાઈ જતી મંજુને પણ વારે છે. લગ્ન બાબતે મૂંઝાયેલી અન્નિમાને સ્પષ્ટ, નિર્મમ લાગે તેવા સવાલો પૂછતા શરદનું પછીનું વલણ અતિ કૂણું રહ્યું છે. એની નિખાલસતા માન થાય એવી છે. મંજુ ગુસ્સે થાય ત્યારે પોતે મૂંઝાઈ જાય છે, એને મનાવી નથી શકતો એવું એ કબૂલે છે. 'મારા જન્મ વખતે, પુત્ર આવ્યો હોત તો સારું થાત, એવું લાગ્યું હતું?'– એવા અન્નિમાના પ્રશ્નના જવાબમાં શરદ કહે છે 'મને એવી લાગણી થઈ હતી, પણ તારી મમ્મી તારા આગમને તૃપ્ત થઈ ગઈ હતી. એને માત્ર બાળક જોઈતું હતું.' અહીં શરદની નિખાલસતા ઉપરાંત સ્ત્રી-પુરુષની પ્રકૃતિમાં રહેલો પાયાનો ભેદ જોઈ શકાય છે.

ચિત્તના અકળ કહી શકાય તેવા પ્રવાહોને લેખક આલેખી શક્યા છે. જીવનના કેન્દ્ર સમી અન્નિમાની વિદાયથી મંજુ ગજબનો તનાવ અનુભવી રહી હતી. ફાટી પડે એવો તનાવ કોઈક રસ્તે તો નીકળવાનો જ હતો. વળી આ આકોશ, ફરિયાદો મનના કોઈક ખૂણે તો દટાઈને પડ્યા જ હતા. નસો ખેંચી કાઢતા તનાવે એને સપાટી પર લાવી મૂક્યા એટલું જ. જો કે મંજુના બળાપામાં મોટાભાગની ગૃહિણીઓની ફરિયાદનો પડઘો સંભળાય છે. દીકરી કોઈકના પ્રેમમાં પડી છે એ સાંભળી શરદના મનમાં જે ઘમસાણ મચે છે, પીડા થાય છે એ સ્વાભાવિક પ્રતિક્રિયા લાગે છે : આટલી ઉત્કટતાથી ચાહેલી દીકરી અજાણ્યા સાથેના ઐક્યનો વિચાર રજૂ કરે છે ત્યારે શરદ અપમાન, અવહેલના, હતાશા અનુભવે છે (૪૮). અન્નિમા સાથે વાત કરતી વખતની રૂક્ષતા, કડવાશનું એક કારણ આ હતાશા પણ ખરી જ. મન એની અકળ લીલાનો તમાશો દેખાડી રહ્યું છે. પત્ની જે સહજતાથી આ વાત સ્વીકારી શકી છે એવું પોતે નથી કરી શક્યો એવું શરદ જાત સાથે કબૂલે પણ છે. દીકરી 'કોઈ બીજા પુરુષ' માટે આટલી તરફડી રહી છે, એને કારણે મા-બાપને છોડીને પણ જઈ શકે છે એ વિચાર શરદ માટે અસહ્ય બની રહ્યો છે, એની આખી હસ્તીને છિન્નભિન્ન કરી રહ્યો છે (૭૧). એને રડવાની ઇચ્છા થાય છે. સંબંધના બદલાઈ જતા રૂપને, વિશ્વાસના પલટાઈ જતા સ્થાનને એ સહી શકતો નથી. સ્વસ્થ હોવાનો દેખાવ કરે છે પણ અંદરથી એ કારમી હારનો અનુભવ કરી રહ્યો છે. ઉદાર વિચાર ધરાવતો ભણેલગણેલ પુરુષ મૂળભૂત પ્રકૃતિ નથી છોડી શકતો એ પકડવાનું લેખકની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ ચૂકી નથી. દીકરીને બદલે દીકરો જન્મ્યો હોત તો ગમ્યું હોત એવું શરદ કબૂલે છે. પીવાનો હંમેશા વિરોધ કરતી મંજુ જ્યારે હાથમાં ડ્રિંક લઈને પ્રવેશે છે ત્યારે શરદ પરસ્પરવિરોધી લાગણી અનુભવે છે – પ્રશંસા અને અણગમો. મૂળ ભારતીય પુરુષનો અણગમો જરીકવાર માટે જાગે તો છે જ. પછી ભલે સભાન થઈ એ જાતને ટપારે.

કમ્પ્યુટર સાથે રમીને મોટી થયેલી, ફોનથી સંબંધના તંતુઓ જોડતી-સંભાળતી, મહાનગરમાં ઊછરીને મોટી થયેલી આજની પેઢી જે પ્રકારની ભાષા બોલે છે તેને

લેખક આબાદ પકડી શક્યા છે. 'યુ રાસ્કલ, યુ સ્કાઉન્ડ્રેલ...' જેવાં પ્રેમથી થતાં સંબોધનો, અંગ્રેજી શબ્દો ગુજરાતી ક્રિયાપદો વડે જોડાતાં જાય એવાં વાક્યો દા.ત. 'ડ્રોપ કરીશ, તારો ફાઉલ મૂડ છે....' તથા પાત્રો અમેરિકા પહોંચ્યા પછી છૂટથી અંગ્રેજીનો વપરાશ કરે છે એમાં, લેખક ભાષાનું પાત્રાનુસાર પોત જાળવી શક્યા છે. ઘણી બધી જગ્યાએ અંગ્રેજી વાક્યો લખ્યા પછી કૌંસમાં ગુજરાતી લખવાની લેખકની આદત એમના વણજોઈતા પ્રવેશ જેવી લાગે છે. મને આવા કૌંસની જરાય જરૂર નથી લાગતી. વિજ્ઞાન ટેકનોલોજીના વિકાસથી માત્ર ભાષાભંડોળ જ સમૃદ્ધ થાય એવું નથી. અભિવ્યક્તિની તરાહ પણ બદલાઈ શકે. દા.ત. મન સેન્ટ્રિફ્યુઝમાં વલોવાવું(૪૬), 'વિચારોની ઊથલપાથલ ચાલી રહી. જાણે કમ્પ્યુટરમાં વાયરસનો હુમલો થયો ને ફાઈલો કમાન્ડની રાહ જોયા વિના અગડંબગડં ઓર્ડરમાં મનપટલ પર રજૂ થવા માંડી' (૭૦). લેખકે મંજુ દેસાઈ (૭૩) અને મંજુ શેલત (૮૭) જેવી સરતચૂક કરી છે.

મંજુ-શરદના એકમેક પરના દોષારોપણોમાંથી દીકરી માટેનું વહાલ અને પ્રસન્ન દાંપત્યની ફોરમ આવે છે. ગુજરાતના પ્રવાસે જતાં બાપ-દીકરીની વાતચીતમાં સ્નેહથી છલકતો, નિખાલસ, મૈત્રીસભર સંબંધ પ્રગટ થાય છે. શરદની મજાકો એની બૌદ્ધિકતા અને શીઘ્રવક્તૃત્વની પરિચાયક છે. દા.ત. એલિસ સાથે કાર બાબતે (૯૬) કે અનીને બાળકના જન્મની તારીખ બાબતે(૮૦) અહીં ચર્ચા ખાતર ચર્ચાઓ નથી થઈ. પ્રસંગો ઊભા થતા રહ્યા છે, પાત્રો એને આનુષંગિક ચર્ચાઓ કરતાં રહ્યાં છે એટલે એ ચર્ચાઓ નથી તો શુષ્ક બની ગઈ કે નથી આરોપિત લાગતી. મકાનો, સફાઈ, વિવેક, નિષ્ઠા, પ્રામાણિકતા જેવા મુદ્દે અહીં વારંવાર ભારત-અમેરિકાની સરખામણી થતી રહી છે. ભારતની પ્રજા આળસ, કામચોરી, અપ્રામાણિકતા, અનેક ઈશ્વરો વચ્ચે ઘેરાયેલી હોવા છતાં મૂલ્યોને નામે એનામાં મોટું મીંડું છે, એની સામે અમેરિકાનો વર્કોહોલિક સમાજ અને એની નિષ્ઠા ને મૂકી આપતા લેખક ભારતની નબળી બાજુ પર આકરા કટાક્ષ કરવાનું ચૂક્યા નથી. 'ગુજરાતમાં તો દર ત્રીજો માણસ ભગવાન બનીને બેઠો છે. અને દર મહોલ્લે દેરી કે દરગાહ મળી આવશે'(૧૨૫). (આવા કટાક્ષોમાં પાત્ર બોલતું હોવા છતાં અભિનિવેશને કારણે લેખકનો પગપેસારો દેખાય છે). જો કે બ્રાક, એલિસ જેવાંની એકલતા સામે ભારતનું સામાજિક જીવન, લાગણીના તાણાવાણાથી બંધાઈને જીવતાં, સંતાનો માટે જાત ઘસી નાખતાં મા-બાપ.... આ બધાનું મૂલ્ય ભાવકે જાતે તારવવાનું છે. બ્રાક કે એલિસના મા-બાપે છૂટા પડતી વેળાએ સંતાનનો વિચાર નથી કર્યો. જ્યારે અમુક બાબતે પરસ્પર તીવ્ર વિરોધ અને ઝઘડા છતાંય મંજુ-શરદ છૂટાં નથી પડી ગયાં. સંતાને એમને વધુ દૃઢ બંધને બાંધ્યાં છે. બીજી બાજુ અમેરિકાની દોડતી જિંદગીની રેસમાં ઊછરેલી અણિમા પળનો વિચાર કર્યા વગર પરણે પણ છે ને છૂટી પણ થઈ જાય છે. સંતાનનો નહીં પણ જાતનો વિચાર કરે છે. જીવનમૂલ્યો વચ્ચેનો આ ફરક ભાવકે જોવો હોય તો જોઈ શકાય એવો છે.

છેલ્લા થોડાક વખતથી, સિમલા, મસૂરી કે નૈનિતાલમાં ભટકતી નવલકથાઓ અને એમાં આલેખાતા રેઢિયાળ પ્રણયત્રિકોણોને બદલે જરાક 'હાશ' થાય એવાં નોખાં વિષયવસ્તુ આલેખાતાં થયાં છે. દા.ત. ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાન્તિકે' અને 'તત્ત્વમસિ', બિંદુ ભટ્ટની 'અખેપાતર', દિગીશ મહેતાની 'શત્રુઘ્નની છેલ્લી સફર' વગેરે. 'મિશ્ર લોહી' પણ ચીલાચાલુ વિષયવસ્તુ અને વેવલી નિરૂપણરીતિથી પરે રહી છે એનો આનંદ. ગુજરાતી નવલકથાક્ષેત્રે પ્રવર્તતા લીલા દુકાળમાં આવી વધુ 'ઑફબીટ' (ઊફરી જતી) કૃતિઓની જરૂર છે.

Contribution of Gujarat to Sanskrit Literature

(Dr. M.I. Prajapati felicitation Volume) : Gen. Ed. Gautam Patel

ડૉ. પ્રજાપતિ સન્માનસમિતિ, ઉ. ગુજ. યુનિ. પાટણ, ૧૯૯૮. ડે. ૫૪૫, રૂ. ૬૨૫.

સંપાદકના ઉત્તરદાયીત્વના પ્રશ્નો

હેમંત દવે

છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણે ત્યાં અભિનંદન-ગ્રંથોનો રાફડો ફાટ્યો છે. પહેલાં ઘણા જ ખ્યાતનામ વિદ્યાપુરુષોને માટે આવા ગ્રંથો પ્રકાશિત થતા, અને એમાં પ્રદાન કરનારા પણ ઉચ્ચ કોટિના પંડિતો હોવાથી એની ગુણવત્તા ઘણી ઊંચી રહેતી. બેલવલકર વૉલ્યુમ કે લ્વી દ લા વાલે પૂસાં મેમોરિઅલ વૉલ્યુમ જેવા ગ્રંથો સાથે આજના અભિનંદન-ગ્રંથોને સરખાવતાં તરત જ ધ્યાનમાં આવે છે કે આજના અભિનંદન-ગ્રંથોની ગુણવત્તા ઘણી જ ઊતરતી કક્ષાની હોય છે.

પ્રસ્તુત અભિનંદન-ગ્રંથ 'કૉન્ટ્રિબ્યુશન અવ ગુજરાત ટુ સંસ્કૃત લિટરચર' એમ. આઈ. પ્રજાપતિની સાઠમી વર્ષગાંઠ નિમિત્તે એમના મિત્રો, વિદ્યાર્થીઓ અને ચાહકો તરફથી બહાર પાડવામાં આવ્યો છે અને એનો હેતુ, એના વિદ્વાન સંપાદક પ્રસ્તાવનામાં લખે છે તેમ, ગુજરાતના સંસ્કૃત-સાહિત્ય-પ્રદાનને 'યોગ્ય રીતે ઉદ્‌ઘાટિત કરવાનું'[૧] છે. (પૃ.VII). પ્રસ્તુત ગ્રંથ સામાન્ય લેખો, વેદ-વેદાંત, ધર્મ અને દર્શન, અલંકારસાહિત્ય, કાવ્ય, નાટક, પ્રબંધસાહિત્ય અને શાસ્ત્રો – એમ નવ વિભાગોમાં વિભાજિત કરાયો છે. આ નવ વિભાગોમાં કુલ સાઠ લેખ સમાવવામાં આવ્યા છે. એ ઉપરાંત એમાં એમ. આઈ. પ્રજાપતિનાં વ્યક્તિત્વ અને કાર્યોને નિરૂપતો એક લેખ અને એમની કૃતિઓની સંદર્ભસૂચિ પણ જોડવામાં આવ્યાં છે. ગ્રંથાન્તે ગુજરાતી વિદ્વાનોએ રચેલા સંસ્કૃત ગ્રંથોની એક વિસ્તૃત સૂચિ, સંસ્કૃતમાં પીએચ.ડી. થયેલા વિદ્વાનોની સૂચિ અને હસ્તપ્રતભંડાર અને એનાં સૂચિપત્રોની સૂચિ પણ આપવામાં આવી છે.

કાશ્મીર, બંગાળ, મહારાષ્ટ્ર કે કેરળની જેમ ગુજરાત સંસ્કૃતનો ગઢ હોવાનું ગૌરવ લઈ શકે તેમ નથી એ દેખીતું છે, પણ એથી ગુજરાતની સંસ્કૃત-સેવાને નગણ્ય ગણી કાઢી નાખી શકાય નહીં. આ સેવાને પ્રકાશમાં લાવવા માટે અહીં જેની આશા સેવાઈ છે તેવા એક વિસ્તૃત અને ગહન અભ્યાસની ખાસ જરૂર હતી. ભારતના અન્ય પ્રાંતના વિદ્વાનોએ પોતાના પ્રાંતોની સંસ્કૃતસેવાને દર્શાવતા ગ્રંથો-લેખો ક્યારના યે પ્રકાશિત કર્યા છે જ.[૨] એટલે આવો મસમોટો, ૬૦ લેખોને સમાવતો ગ્રંથ બહાર પડે ત્યારે આપણને સ્વાભાવિક જ આનંદ થાય; પણ જ્યારે એમાંથી પસાર થઈએ ત્યારે જાણ્યે-અજાણ્યે અન્ય પ્રાંતોના અભ્યાસ સાથે થઈ જતી સરખામણીના કારણે આપણને ભારે નિરાશા પ્રાપ્ત થાય. દુઃખ સાથે લખવું પડે છે કે આ અભિનંદનગ્રંથમાંના કેટલાક લેખ સારા કહેતાં ઘણા સારા છે.[૩] પણ ગ્રંથનું સમગ્ર ચિત્ર નિરાશાજનક છે. જો સંપાદકે જે-તે ક્ષેત્રના નિષ્ણાત વિદ્વાનોને એમનાં વિષયક્ષેત્ર પર લખવા આમંત્રણ આપ્યું હોત તો ઘણું ઉત્તમ થાત; 'ચિત્રાવ અભિનંદન ગ્રંથ' અને 'મહારાષ્ટ્રનું સંસ્કૃત સાહિત્યને પ્રદાન' – એ ગ્રંથોમાં એના સંપાદકે એ પ્રમાણે કરેલું છે જ.

આ ગ્રંથ માટે ઘણા વિદ્વાનોએ પોતાના અભ્યાસલેખો આપ્યા છે, પરંતુ આ ગ્રંથના બીજા લેખકોના વિષયો કયા છે તેની કોઈ જ જાણકારી ન હોવાને કારણે – અથવા તો એ પ્રકારનું તંત્ર ઊભું કરવામાં સંપાદક નિષ્ફળ નીવડ્યા હોવાની શક્યતાને કારણે – તેમણે જાણે-અજાણ્યે એકની એક વિગતો કંટાળો આપે તે હદ સુધી પુનરાવર્તિત કર્યા કરી છે. ઉદાહરણ તરીકે, દુર્ગાચાર્યની 'નિરુક્ત' પરની ટીકા પૃ. ૧૯થી આગળ, ૪૩, ૮૪-૮૫, ૯૪, ૧૦૧, ૧૬૯-૭૦, અને અન્યત્ર; હેમચંદ્રાચાર્ય પૃ. ૭૪થી આગળ, ૧૭૪-૭૫, તથા ૧, ૫, ૭, ૩૪ અને ૩૫ જેવા આખા લેખો, અને અન્યત્ર; ગિરનારના શૈલલેખો પૃ. ૧૫થી આગળ, ૪૩થી આગળ, ૮૩, ૪૨૭થી આગળ, વગેરે; ભટ્ટીકાવ્ય લેખ ૪૦ અને ૪૧માં તથા અન્યત્ર; આધુનિક સંસ્કૃત સાહિત્ય માટે એ.ડી. શાસ્ત્રીનો લેખ (પૃ.૯૪-૯૯), એ. એન. જાનીનો લેખ (પૃ. ૧૦૦-૧૦૬), રાજેન્દ્ર નાણાવટીનો લેખ (પૃ. ૧૦૭-૧૧૬), હર્ષદેવ માધવનો લેખ (પૃ. ૩૩૭-૩૪૧), વગેરે. એક વાત અહીં ધ્યાનમાં આવે છે તે આ : આખા ગ્રંથમાં, જે જાણીતાં કર્તા-કૃતિઓ છે તેની જ વાત કરાઈ છે, ઓછાં જાણીતાં પરંતુ મહત્ત્વનાં કર્તા-કૃતિઓને વિસ્મૃતિની ખીણમાંથી કાઢવાનો કોઈ જ પ્રયત્ન દેખાતો નથી. ટૂંકમાં, સંશોધનાત્મક અભિગમ અભરાઈએ ચડાવાયો છે.

આમ, એક તરફ બિનજરૂરી અને ત્રાસદાયક

પુનરાવર્તનો છે તો બીજી બાજુ મહત્ત્વના લેખકો, કૃતિઓ અને વિગતોને સાવ વિસારે પાડવામાં આવ્યાં છે, અને જો યાદ કરાયાં પણ છે તો સાવ ઉપરછલ્લી રીતે.

આખા ગ્રંથમાં ક્યાંય પણ આધુનિક વિદ્વાનોનાં– કવિતાકારોની વાત નથી, વિદ્વાનોનાં – કાર્યોનું મૂલ્યાંકન કરતો એક પણ લેખ નથી. ઠીક, એમનો નામોલ્લેખ સુધ્ધાં નથી. માનાર્હ સંપાદક ગૌતમ પટેલે પણ એમની પ્રસ્તાવના 'પિપીલિકા ચુમ્બતિ ચન્દ્રબિમ્બમ્'માં આ 'હસ્તિ'ઓનો ઉલ્લેખ કરવાનું કદાચ ટાળ્યું છે : ર. છો. પરીખ, ડોલરરાય માંકડ, કે. હ. ધ્રુવ, ન. ભો. દિવેટિયા, મ. ન. દ્વિવેદી, પં. સુખલાલજી, ક. પ્રા. ત્રિવેદી, ત. મ. ત્રિપાઠી વગેરે આવાં સ્વલ્પ નામ છે. સંપાદકે આ એમની પ્રસ્તાવનામાં (પૃ. IX) ટાંકેલાં 'some of the most note-worthy names'માંનાં ઘણાં નામ કરતાં આ વિદ્વાનોનાં નામ વધુ જાણીતાં છે, અને એ સર્વવિદિત છે.

આધુનિક ગુજરાતીઓનું સંસ્કૃત સાહિત્યના ક્ષેત્રે પ્રદાન કેવળ કવિત કરવામાં હોય એવી છાપ આ ગ્રંથમાંથી ઊભી થાય છે : એ માટે ડઝનેક લેખોની જગ્યા ફાળવવામાં આવી છે! અને એમાં પણ તટસ્થ વિવેચનને ઠેકાણે ભાટાઈ જોવા મળે – જાણે કોઈ મધ્યયુગીન રાજકવિ એના આશ્રયદાતાની પ્રસંશા ન કરતો હોય!– સર્વત્ર ગુણદર્શન, અને દોષવિવેચન શૂન્ય. સરખાવો 'રસરાજ'ની કવિતા પરનો રવીન્દ્રકુમાર પાંડાનો લેખ(પૃ. ૩૫૩-૩૫૯); તથા હર્ષદેવ માધવ(પૃ.૩૩૭-૩૪૧); ચંદ્રભૂષણ ઝા (પૃ. ૩૪૯-૩૫૨); શ્વેતા પ્રજાપતિ (પૃ. ૩૯૧-૯૭); અને જશવંતી દવે(પૃ. ૩૫૯-૬૩)ના લેખો. જશવંતી દવેએ તો એમના દ્વારા જ અનુવાદિત કવિતાઓના સંગ્રહ 'સેતુબંધ'નું ગુણદર્શન કરાવ્યું છે! (અહીં ક. મા. મુનશીએ એમના 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરચર'માં પોતાને લગતો ભાગ તારાપોરવાલા પાસે લખાવ્યો હતો તેનું સહજ સ્મરણ થઈ આવે છે). રાજેન્દ્ર નાણાવટીએ જશવંતી દવેના આ અનુવાદો વિશે આ જ ગ્રંથમાં એક જ પંક્તિમાં પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો છે : The translations are more literal than poetic.'(પૃ. ૧૧૩).) આ ગ્રંથમાં કેટલાક મહત્ત્વના આધુનિક લેખકો – જેમકે, પં. મેઘાવ્રત શાસ્ત્રી – ભુલાઈ ગયા છે.

સામા છેડે ગુજરાતી વિદ્વાનોનાં સંપાદનો, સમીક્ષિત આવૃત્તિઓ, સંશોધનો, વગેરેને ઉજાગર કરતો એક પણ લેખ નથી. અત્યારના 'મહાભારત' પૂર્વેનાં બે સંસ્કરણો/સંહિતા 'જય' અને 'ભારત'ના કે. કા. શાસ્ત્રી, હ. ગં. શાસ્ત્રી અને ભારતી શેલત દ્વારા સંપાદિત 'ભાગવતપુરાણ'ની સમીક્ષિત આવૃત્તિનો પણ ઉલ્લેખ નથી. ડોલરરાય માંકડનું 'યુગપુરાણ'નું સંપાદન અને કે. હ. ધ્રુવનું 'મુદ્રારાક્ષસ'નું સંપાદન બન્ને ઘણાં વિદ્વન્માન્ય હોવા છતાં ઉલ્લેખાયાં નથી. કામશાસ્ત્રવિષયક જાણીતા ગ્રંથો 'નાગરસર્વસ્વ' અને 'કુટ્ટનીમતમ્'નાં તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠીએ કરેલાં સંપાદનો અને 'તર્કસંગ્રહ'નું સંપાદન (ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝ-૩) તદ્દન ઉવેખાયાં છે, એ જ પ્રમાણે 'મનુસ્મૃતિ'નું કુલ્લુક, મેધાતિથિ, વગેરે ટીકાકારોની ટીકા સાથેનું, ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત, જયકૃષ્ણ દવેએ કરેલું સંપાદન પણ વિસરાયું છે.

ડોલરરાય માંકડનો પૌરાણિક કાલગણના અને પૌરાણિક વંશાવળીનો અભ્યાસ અને હ.ધી. સાંકળિયાનું પુરાતત્ત્વના સંદર્ભમાં 'રામાયણ' વિશેનું પ્રદાન પણ એ જ રીતે ઉપેક્ષા પામ્યાં છે. ભગવાનલાલ ઇન્દ્રજીનાં અભિલેખ વિષયનાં અભ્યાસો અને પ્રકાશનો વિશ્વપ્રસિદ્ધ છે. અપેક્ષા તો કયા ગુજરાતી વિદ્વાનોએ અભિલેખોનો અભ્યાસ કર્યો છે જે મુખ્યત્વે સંસ્કૃતમાં છે, તેના વિવેચનાત્મક અભ્યાસની હોય, અને એ દ્વારા જ આ વિદ્વાનોના પ્રદાનને સમજી શકાય. પરંતુ અહીં તો અભિલેખ વિશે જે એક લેખ છે તે પ્રસ્તુત ગ્રંથના વસ્તુ સાથે સુસંગત નથી. (જો કે, આ લેખ – હ. ગં. શાસ્ત્રી (પૃ. ૪૨૭-૩૩) – પુનર્મુદ્રિત હોઈ અને મૂળ ગ્રંથના વસ્તુને અનુરૂપ હોઈ લેખકનો દોષ કાઢવો ઉચિત નથી.) એ જ રીતે, ઊર્મિ દેસાઈનો 'ગુજરાત ઇન ધ પુરાણઝ' એ લેખ પણ અહીં તો અસંગત જ છે – માહિતીપ્રદ કદાચ હોઈ શકે. વળી, નીલમ પટેલનો 'મેઘદૂત'ના અનુવાદો વિશેનો લેખ ગ્રંથના વસ્તુ સાથે જ નહીં, લેખના શીર્ષક સાથે પણ અસંગત છે : શરૂઆતમાં 'મેઘદૂત'ની કથા, એનું મહત્ત્વ, એના સ્રોત, એના અનુકરણરૂપે લખાયેલાં અન્ય દૂતકાવ્યો – એવી તદ્દન પ્રાથમિક અને સર્વવિદિત બાબતો ચાર પૃષ્ઠ ભરીને અપાઈ છે, અને પછી અનુવાદોના સમીક્ષાત્મક અભ્યાસને બદલે સાલવારી![૪] (અને 'મેઘદૂત'નો ગુજરાતીમાં અનુવાદ કરનાર મરાઠી પંડિત જુન્નારકરનું નામ Junnarks કરી દેવાયું છે.)

ઐતિહાસિક સાહિત્યની વાત કરીએ તો સંસ્કૃત

સાહિત્યમાં ગુજરાત એની ઇતિહાસ વિશેની કૃતિઓના કારણે એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અશોકકુમાર મજુમદારે એમના ગ્રંથ 'ચૌલુક્યઝ અવ ગુજરાત'માં સોલંકી કાળ માટે ઉપયોગી એવા ઐતિહાસિક ગ્રંથોનો એક આછો અહેવાલ આપ્યો છે (મજુમદાર ૧૯૬૦ : ૪૦૩-૪૨૦). પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે કોઈ જ વિદ્વાનનું ધ્યાન આ વિષય તરફ આકર્ષિત થયું નથી.[૫] સોલંકી અને વાઘેલાકાળના આ ઐતિહાસિક ગ્રંથો ઉપરાંત મધ્યયુગમાં સુલતાન મહમૂદ બેગડાના રાજ્યાશ્રયમાં[૬] ઉદયરાજે સુલતાનના વિજયો અને જીવનના મહત્ત્વપૂર્ણ બનાવોને આલેખતા સાત સર્ગના 'રાજવિનોદ' નામક મહાકાવ્યની રચના કરી હતી. આ જ કાળમાં કર્ણાટકના કવિ ગંગાધરે એના ગુજરાતના પ્રવાસ દરમ્યાન 'ગંગાદાસ પ્રતાપવિલાસ' નામના નાટકની રચના કરી હતી. જેમાં ચાંપાનેરના રાજવી ગંગાદાસના સુલતાન મહમૂદ-બીજા અને ઇડરના રાવ પરના વિજયની કથા આલેખવામાં આવી છે.[૭] આ જ કવિએ જૂનાગઢના છેલ્લા માંડલિક રાજાનો ઇતિહાસ આલેખતું 'માંડલિક મહાકાવ્ય' લખ્યું હતું. ઐતિહાસિક દૃષ્ટિએ હીરવિજયસૂરીનાં જીવન-કાર્યોને આલેખતું દેવવિમલ ગણિનું 'હીરસૌભાગ્ય' પણ અગત્યનું મહાકાવ્ય છે – એમાં અકબરે મુનિના કહેવાથી ગુજરાત પરનો જઝિયાવેરો માફ કર્યો હતો એની વાત આવે છે.

અપેક્ષા તો અધિકૃત અભ્યાસલેખની જ હોય, પરંતુ એના અભાવે મજુમદારનો અભ્યાસ પણ પુનર્મુદ્રિત કરી શકાયો હોત – આમે ય ગ્રંથમાં અગિયાર જેટલા લેખો પુનર્મુદ્રિત કરાયા જ છે.

જે રીતે ઐતિહાસિક સાહિત્યની વાતને તે જ રીતે ગુજરાતની સંસ્કૃત કવયિત્રીઓ વિશેની વાતને પણ દેશવટો અપાયો છે. એમના વિશે સ્વતંત્ર લેખ તો નથી જ, પણ ગ્રંથાન્તે અપાયેલી સૂચિમાં પણ એમનાં નામ ગાયબ છે! જેના વિશે ચૌધુરી 'undoubtedly one of the greatest of Sanskrit poetesses' એમ લખે છે તે પદ્માવતી, અને પ્રભુદેવી લાટી (સર૦ ચૌધુરી અને ચૌધુરી ૧૯૪૧ : XXIII-XXIV અને LVI)ના કશે ઉલ્લેખ નથી. મધ્યકાળમાં પણ સ્ત્રીઓ વેદ-પુરાણ અને સ્મૃતિ ઇત્યાદિ ગ્રંથોનો અભ્યાસ કરી શકતી હતી એવી ધારણાનું સમર્થન કરતું બીનબાયીનું 'દ્વારકાપત્તલ' કાવ્ય – જે 'સ્કંદપુરાણ'ના પ્રભાસખંડના દ્વારકામાહાત્મ્યનું સંક્ષિપ્ત રૂપ છે, એ – પણ વિસ્મૃતિની ગર્તામાં ધકેલાયું છે (સર૦ ચૌધુરી ૧૯૪૦).

શાસ્ત્રોના વિભાગમાં પણ ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, કામશાસ્ત્ર વગેરેમાં પણ ગુજરાતના પ્રદાનને દર્શાવાયું નથી.[૮] ભાસ્કરાચાર્યના 'સિદ્ધાંતશિરોમણિ' પર 'ગણિતામૃતસાગરી' (અથવા 'અંકામૃતસાગરી') નામક વિસ્તૃત ટીકા લખનાર જંબુસરના ગંગાધર (સર૦ દીક્ષિત : ૨૫૨), 'મહાદેવસારણી' (અથવા 'ગ્રહસિદ્ધિ')ના કર્તા મહાદેવ (એ જ, ૨૫૪-૫૫), અને 'ખેટકસિદ્ધિ' તેમ જ 'ચંદ્રાર્કી'ના કર્તા દિનકર (એ જ, ૨૭૭) પણ ગ્રંથમાં કે ગ્રંથાન્તે અપાયેલી સૂચિમાં સ્થાન પામ્યા નથી. કામશાસ્ત્રના ગ્રંથો 'નાગરસર્વસ્વ' પર સંસ્કૃત ટિપ્પણ અને 'કુટ્ટનીમતમ્' પર 'રસદીપિકા' નામક વિદ્વત્તાપૂર્ણ સંસ્કૃત ટીકા લખનાર તનસુખરામ ત્રિપાઠીનો પણ ગ્રંથ કે સૂચિમાં નામોલ્લેખ નથી!

સંસ્કૃત ગ્રંથોના અનુવાદ, સંપાદન, સંશોધન, ટિપ્પણ, ટીકા ઇત્યાદિ ઉપરાંત પ્રકાશનમાં પણ ગુજરાતીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે : ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝ, લા.દ. પ્રાચ્યવિદ્યામંદિર, ભો જે. વિદ્યાભવન, ભારતીય વિદ્યાભવન, ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ જેવી જાણીતી સંસ્થાઓ ઉપરાંત વિશ્વપ્રસિદ્ધ ચૌખંબા સંસ્કૃત ગ્રંથમાળાની સ્થાપના પણ ગુજરાતી પરિવારે જ કરી હતી. (સર૦ દ્વિવેદીઃ ૧૫૭) – આ બાબતોને પણ ગ્રંથમાં સ્થાન હોવું જોઈતું હતું.

વાત આટલેથી અટકતી નથી. જે લખાયું છે તેમાં પણ ગંભીર વિગતદોષો – જે આ પ્રકારના ગ્રંથમાં સહેજે ન ચલવી શકાય તેવા – અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. આમાંથી સ્વલ્પ નમૂના નીચે સાદર કર્યા છે :

૧. અશોકનો ગિરનાર શૈલલેખ પાલિ ભાષામાં છે![૯] (ગૌતમ પટેલ, પૃ. viii, રસેશ જમીનદાર પૃ. ૪૩)

૨. સંત જ્ઞાનેશ્વર ગુજરાતી હતા ! (સત્યકામ વર્મા, ૧૪૯)

૩. રુદ્રદામનના લેખનો સમય ઇ.પૂ. બીજી સદી અને સ્કંદગુપ્તના લેખનો સમય ઇ.સ. છઠ્ઠી સદી છે![૧૦] (ઉ. પ્રે. શાહ, પૃ. ૮૩)

૪. સ્કંદગુપ્તનું નામ સ્કંદવર્મા કરી નખાયું છે (તપસ્વી નાન્દી, પૃ. ૩૭૩).

૫. 'વમ્ભણ્ડસુત્તિસમ્પુડમોત્તિ શ્રમણિણો...' –એ અપભ્રંશ કંડિકાને પ્રાકૃત બતાવાઈ છે. (જે.એસ. પટેલ, ૨૭૨).

૬. સંદર્ભ આપવામાં રીતસરની અરાજકતા છે : ગ્રંથો કે કૃતિઓનાં નામ નિયમ પ્રમાણે ઇટૅલિક્સમાં નથી – દા.ત. પાંડાના લેખમાં 'રસરાજ'ની પ્રકાશિત કવિતા સાદાં બીબાંમાં અને અપ્રકાશિત ઇટૅલિક્સમાં !! તપસ્વી નાન્દી અને એમ. આઇ. પ્રજાપતિના લેખમાં સંદર્ભો અને પાદનોંધો ગાયબ છે; નીલમ પટેલે એમના લેખમાં રામકુમાર આચાર્યના નામે ઉદ્ધરણો આપ્યાં છે પણ એના સંદર્ભ આપ્યા જ નથી. ક. મા. મુનશી અને ભો. જ. સાંડેસરાના લેખ એમના ગ્રંથોમાંથી લઈ પુનર્મુદ્રિત કરાયા છે, પરંતુ પાદનોંધોમાં તો ટૂંકાક્ષરો જ રહેવા દેવાયા છે, પરિણામે વાચકે એમનાં પૂરાં ગ્રંથનામ જાણવા માટે એમના મૂળ ગ્રંથ જ જોવાના રહે. એ ઉપરાંત સાંડેસરાના ગ્રંથના નામમાં 'Literary Circle...' નું 'Library circle...' કરી દેવાયું છે! (પૃ. ૩૩૩)

૭. સંસ્કૃત અને ગુજરાતી નામ-શબ્દોનું રોઉમન લિપ્યંતરણ પણ મનફાવતી રીતે કરાયું છે. રસેશ જમીનદારે સંસ્કૃત શબ્દોનું લિપ્યંતરણ એના ગુજરાતી ઉચ્ચારણના આધારે કર્યું છે : 'Sanskrutic studies,' 'Bhartruhari' વગેરે. એક તરફ સંસ્કૃત શબ્દોમાં 'અ' દર્શાવ્યો નથી – ઉ. ત. Rāmagiriને બદલે 'Rāmgiri', તો બીજી બાજુ ગુજરાતી નામોમાં શબ્દાન્તે 'અ' ન ઉચ્ચારાતો હોવા છતાં દર્શાવ્યો છે – ઉ. ત. Patan ને બદલે Pāṭaṇa. સંસ્કૃતના ઓષ્ઠ્ય 'फ'નું લિપ્યંતરણ દંતોષ્ઠ્ય 'f' રૂપે (ઉ. ત. જમીનદાર, 'स्फुट' – Sfuṭa, પૃ. ૪૩), એ જ પ્રમાણે ગુજરાતી 'ફ' ને પણ 'f' કરી નખાયો છે. (ઉ. ત. જશવંતી દવે, 'ફર્યો તારી સાથે' 'Faryo...', 'ફરવા આવ્યો છું' 'Farva...', 'ફૂલોને' 'Fulone,' પૃ. ૩૬૦-૬૧, વગેરે). ગુજરાતી નામોમાં તાલવ્ય મહાપ્રાણ ઘોષ 'ઝ' નું લિપ્યંતરણ 'Z' તરીકે કરાયું છે[૧૧] ઉ. ત. 'ઓઝા'–'oza', એમ. કે.પ્રજાપતિ, પૃ. xi; હર્ષદેવ માધવ ગૌ. ચુ. ઝાલાને zala લખે છે, પૃ. ૩૩૬. 'क्ष'ને 'x' તરીકે લખાયો છે. (નીલાંજના શાહ, પૃ. ૭૬ 'लक्ष्म्यङ्क'-'Laxmyanka'). જશવંતી દવેએ એમના લેખમાં ગુજરાતી કવિતા ક્યારેક નાગરીમાં તો ક્યારેક રોઉમનમાં મૂકી છે, ઠીક; પણ જ્યાં જ્યાં રોઉમન લિપ્યંતરણ કરાયું છે ત્યાં સર્વત્ર સાનુનાસિકોનો ત્યાગ કરાયો છે. 'જ્યાં'-'jya', 'હું'-'hu' વગેરે (પૃ. ૩૬૦-૩૬૨)

આવાં લિપ્યંતરણો ત્રાસદાયક બન્યાં છે.

૮. અંગ્રેજીની વાક્યસંરચનાની ભૂલો પણ ઊડીને આંખે વળગે એવી છે. શબ્દોના અપપ્રયોગો – મૅલઅપ્રૉપિઝમ - પણ પરિતસ્ જોવાય છે. ઉ. ત. સંપાદક જ્યાં 'I accepted' લખવું જોઈએ ત્યાં 'I have accepted' લખે (પૃ.x); કણાદ મુનિની વાત કરતાં 'the first person in the whole world to invent (*sic*, read, 'discover') and define atom in the scientific manner...'(પૃ. viii. કે પછી ગૌતમભાઈએ 'invent' શબ્દ એના મૂળ ગ્રીક અર્થમાં પ્રયોજ્યો હશે?) જશવંતી દવેના લેખમાં 'all these poems by those poets are translated into Sanskrit. (પૃ. ૩૬૦) એમ છે – એનો શો અર્થ કરવો? ઈસુની શરૂઆતની સદીઓની વાત કરતી વખતે 'It is therefore quite certain that Sanskrit learning has (*sic.* read 'had') been wide spread in this region at least from the beginning of the Christian era and even earlier...' (ઉ. પ્રે. શાહ, પૃ. ૮૩). સંપાદકીય પ્રસ્તાવનામાં વિદ્વાનોના નામ પછી 'અન્ય વિદ્વાનો' એમ સૂચવવા etc. લખાયું છે (પૃ. ix). ગૌતમભાઈએ જાણવું જોઈએ કે વસ્તુઓ માટે etc. લખાય, પરંતુ વ્યક્તિઓ માટે et al. લખવામાં આવે છે.

૯. આ ઉપરાંત 'मंदाक्रान्ता' છંદનો 'मंद्राक्रान्ता' તરીકે જ ઉલ્લેખ કરાયો છે (પૃ. ૩૬૭); 'સિદ્ધાંતકૌમુદી'ના સ્થાને 'સિદ્ધનાકૌમુદી' (પૃ. ૨૮૪); 'શંકરલાલ'ની જગ્યાએ 'શંકેરલાલ' (પૃ. ૪૦૪-૪૦૮), 'veins' ને બદલે 'venis' (પૃ. ૧૧૪); 'interepretation' ને બદલે 'interpretain' (પૃ. ૧૩૯) વગેરે દોષો છે.

૧૦. આ ગ્રંથમાં આવા વિગતદોષો-મુદ્રણદોષો-વાક્યસંરચનાની ભૂલો કેટલી છે તે રસેશ જમીનદારના લેખના એક અડધા પૃષ્ઠના વિવેચનથી જ સ્પષ્ટ થશે :

'Written in Sk this is an earliest epigraphic evidence in prose of high calibre. (શું સમજવું?);... 'We may infere (*sic.* read 'infer') that the author must be (*sic.* read 'must have been') a poet of highest strature as is envisaged from the examination of its (*sic.* read 'his') writing style.'; 'Some of the characteristics are of the 'Vaidarbhi-style', as expounded by Dandeen (*sic.* read 'Dandin') in his 'Kāvyaprakāsha'

(*sic* read 'Kāvyadarśa')...;' 'Sanskrut..' (*sic.* read 'Sanskrit.'); 'This hill-edict' (*sic.* read 'rock-edict); 'This edict ...is full of long and short 'Alankāras. (*sic.* read 'samasas'); 'The abundance of 'Shabdalankar' (i.e. onomatopoea), especially that of 'Anuprasa' (alliteration), 'Alankāras' is note worthy. (સંસ્કૃત શબ્દોનો પ્રથમ અક્ષર 'કેપિટલ' કરવાનું કારણ ન સમજાય તેવું છે); 'Besides, the 'Upamas', 'Atishayokti,' 'Utpreksha', 'Parikar' and 'Yamaka' Alankaras are also used as 'Arthalankāras'' [લેખકને શબ્દાલંકાર અને અર્થાલંકાર વચ્ચેનો ભેદ જ ખબર નથી!] (પૃ. ૪૩). આ ઉપરાંત પૃ.૩૮ ઉપર 'Non jaina philosophers (*sic.* read 'philosophics') such as Veda, Upanishada (*sic.* read 'Upaniṣad')...

૧૧. સંસ્કૃત ઉદ્ધરણો પણ મુદ્રણ-વિગતદોષોથી છવાયેલાં છે. 'श्व' બહુધા 'श्व' તરીકે જ છપાયો છે. 'भ' અને 'म' વચ્ચે પણ ભેદ ઘણે ઠેકાણે કરાયો નથી, અવગ્રહ ऽ ઘણે ઠેકાણે 'ऽ' તરીકે જ મુકાયો છે. દાખલા તરીકે, 'एतच्छृत्वा'ને બદલે 'एतच्छुत्वा', 'स्मृतिभिः'ને બદલે 'स्मुतिभिः' (પૃ. ૩૪૪), 'मेऽभिलाषो'ને બદલે 'मेडभिलाषो' (પૃ. ૩૫૫), 'भर्तृध्रुवसुतश्चक्रे'ને બદલે 'भर्तृध्रुवसुतश्चके' (પૃ.૯૩, નોંધ ૪), 'कौषीतकब्राह्मण'ને બદલે 'कौषीतकब्राह्मण' (પૃ. ૮૪), 'दयिते' ને બદલે 'दयति' (પૃ. ૫૭, નોંધ ૨૨), 'हदि'ને બદલે 'हदि' (પૃ.૬૫, નોંધ-૨) વગેરે.

આ વિગતદોષો, વ્યાકરણદોષો અને મુદ્રણદોષો તેમજ શબ્દોના અપપ્રયોગો ટાળી શકાયા હોત. આ છબરડાઓ દર્શાવે છે કે સંપાદન ઘણું જ બેદરકારીપૂર્વક, આડેધડ અને ઉત્તરદાયિત્વની ભાવના વિના કરાયું છે – જો કે મૂળ પ્રશ્ન તો એ જ છે કે ખરેખર સંપાદન કરવામાં આવ્યું છે ખરું? આ ગ્રંથનું એકમેવ પ્રશસ્ય પાસું થોડાક વિદ્વતાપૂર્ણ લેખો ઉપરાંત ગ્રંથાન્તે અપાયેલી સૂચિ છે, જેમાં કેટલાંક અગત્યનાં કર્તા અને કૃતિ ચુકાઈ ગયાં છે, છતાંય જેને આ વિષય પુનઃ છેડવો છે – કારણ કે ગુજરાતની સંસ્કૃતસેવાને 'યોગ્ય રીતે ઉદ્‌ઘાટિત કરવાનું' કામ તો ઊભું જ છે – એને માટે ઘણી ઉપયોગી નીવડશે. અને આવું જહેમતનું કાર્ય કરવા બદલ આપણે એના સંપાદક એમ. કે. પ્રજાપતિને ધન્યવાદ આપવા ઘટે.

નોંધો :

૧. સંપાદકશ્રીનું કથન કે '.. up till now there was no work, which would provide even primary information about the contribution of Gujarat to the Sanskrit literature. (પૃ. ix. ભારસૂચન મારું છે.) ખરેખર જ ગેરમાર્ગે દોરનારું છે. પ્રસ્તુત ગ્રંથમાં જ ૧૧ જેટલા લેખો પુનર્મુદ્રિત કરાયા છે. [ક્રમાંક ૩, ૫, ૬, ૮, ૯(આ લેખમાં લેખકે ઘણું બધું નવું સાહિત્ય, વિશેષતઃ આધુનિક, ઉમેર્યું છે.) , ૧૦, ૨૭, ૩૯, ૪૨, ૫૨, અને ૫૯], જે સંપાદકના કથનને અસત્ય ઠેરવે છે. મુનશી અને સાંડેસરાનાં પુસ્તકોમાં આ વિશે પ્રકાશ પાડવામાં આવેલો છે જ. એ ઉપરાંત 'પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્કૃત પરિષદ'નો એક મહત્ત્વનો વિષય જ ભારતના વિવિધ પ્રાંતોના સંસ્કૃતને કરાયેલા પ્રદાનને મૂલવવાનો હતો. આ પરિષદમાં ગુજરાત તરફથી પાંચ લેખ રજૂ થયા હતા, જેમાંથી કે. ડી. દવેના લેખને બાદ કરતાં બધા જ લેખ અહીં પુનર્મુદ્રિત કરાયા છે. અરુણોદય જાનીનો લેખ 'કૉન્ટ્રીબ્યુશન અવ ગુજરાત ટુ સંસ્કૃત લિટરચર (ટ્વેન્ટીએથ સેન્ચરી)' પણ 'પ્રસિડિંગ્ઝ અવ ફર્સ્ટ ઇન્ટરનેશનલ સંસ્કૃત કૉન્ફરન્સ, ગ્રંથ -૧, ભાગ - ૧, પૃ. ૧૮૮-૧૯૬નું પુનર્મુદ્રણ છે, છતાંય સંપાદક એની નોંધ મૂકવાનું ચૂકી ગયા છે. એ જ રીતે એ. ડી . શાસ્ત્રીનો દક્ષિણ ગુજરાતની સંસ્કૃતસેવાને લગતો લેખ પણ ઉપરોક્ત ગ્રંથમાંથી જ, ઘણા ફેરફારો સાથે જ અલબત્ત, ફરી લેવાયો છે. આ લેખોને જતા કરીએ તથાપિ તે પહેલાં પણ ૨. છો. પરીખે શ્રીનગર ખાતે 'અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ'માં પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના અધ્યક્ષપદેથી આપેલા વ્યાખ્યાનમાં ચાળીસેક જેટલાં પૃષ્ઠોમાં ગુજરાતના સંસ્કૃત સાહિત્યને મૂલવ્યું છે. (સર૦ પરીખ ૧૯૬૪ : ૧૧૯-૧૪૯.) એસ્તર સોલોમને એમના લેખમાં આ માટેની ૧૯૭૧ની સાલ આપી છે તે ૧૯૬૧ના બદલે થયેલી મુદ્રણની ભૂલ લાગે છે. સર૦ પૃ. ૩૩, નોંધ ૧૨ (i). આ કૉન્ફરન્સ ૧૯૬૧માં યોજાયેલી અને એનો હેવાલ ૧૯૬૪માં બહાર પડેલો. એટલે ગૌતમભાઈ 'primary information' થી 'detailed and systematic survey'ને ઉદ્દેશતા હોય તો કોને ખબર?

૨. ઉ. ત. દત્તા ૧૯૭૪; કુંજુન્ની રાજા ૧૯૫૮; દાંડેકર ૧૯૭૨; નાગરાજન ૧૯૭૦ વગેરે. વળી, જુઓ 'પ્રસિડિંગ્ઝ અવ ફર્સ્ટ ઇન્ટર્નેશનલ સંસ્કૃત કૉન્ફરન્સ', ગ્રંથ-૧, ભાગ-૧ નવી દિલ્હી : રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, ૧૯૭૫. પ્રાદેશિક ભાષાઓમાં પણ આવા અભ્યાસો થયા જ છે. ઉ. ત. બંદોપાધ્યાય ૧૯૬૨.

૩. ઉ. ત. સોલોમન, પૃ. ૧૫-૩૩; ક. મા. મુનશી, ૪૬-

૫૭ અને ૫૮-૬૬; સાંડેસરા, ૩૨૫-૩૩૩; કાંટાવાળા ૧૮૫-૨૦૨; પંચાલ ૨૯૩-૩૧૨; મધુસૂદન ઢાંકી ૪૩૪-૪૫૩ વગેરે.

૪. અહીં ચતુરભાઈ શંકરભાઈ પટેલના લેખ 'કાલિદાસના ગુજરાતી અનુવાદો' સાથે સહજ સરખામણી થઈ જાય છે. એમાં લેખકે વિવિધ અનુવાદોને સોદાહરણ ચર્ચ્યા છે, એમાં લેખકે 'મેઘદૂત'ના અનુવાદોની ચર્ચા પૃ. ૧૧-૧૫માં કરી છે. (નીલમબહેને કદાચ આ લેખની સહાય પણ લીધી છે, પણ સંદર્ભસૂચિમાં એનો ઉલ્લેખ કર્યો નથી.) આ લેખ ચતુરભાઈએ શ્રી વડોદરા સાહિત્યસભામાં કાલિદાસના સ્મૃતિપર્વની ઉજવણી નિમિત્તે વ્યાખ્યાનરૂપે વાંચ્યો હતો. મારી પાસે આ લેખની નકલ છે, પણ તે ક્યારે અને ક્યાં પ્રસિદ્ધ થયો હતો એ ખબર ન હોવાથી સંદર્ભ ટાંકી શકતો નથી એ બદલ દિલગીર છું.)

૫. જો કે જયંત ઠાકરે તેમના લેખ 'પ્રબંધ લિટરેચર અવ મેડિઇવલ ગુજરાત' (પૃ. ૩૧૧-૩૧૮)માં ઐતિહાસિક પ્રબંધો વિશે વાત કરી છે. પરંતુ ઐતિહાસિક કૃતિઓ કેવળ પ્રબંધ પૂરતી સીમિત નથી, અને ત્યાં પણ અભિગમ ઐતિહાસિક કરતાં સાહિત્યિક વિશેષ છે.

૬. સામાન્યતઃ મુસ્લિમ રાજાઓએ સંસ્કૃતને પ્રશ્રય આપ્યો નહોતો (સર૦ સાંડેસરા ૧૯૫૪-૫૫ : ૧૯૩. એઓ લખે છે : 'It appears that after the establishment of Muslim rule in Gujarat in the beginning of ૧૪th century A. D., the royal petronage that was formerly accorded to Sanskrit learning came to an end...'). પરંતુ એવાં ઉદાહરણો પણ મળે છે જેમાં સંસ્કૃત પંડિતોને બાદશાહોએ રાજદરબારમાં સ્થાન આપ્યું હોય. (સર૦ ચૌધુરી ૧૯૪૨; ખાસ કરીને પૃ. ૧, ૮૫-૮૬; ૯૦-૯૧; ચોપડા ૧૯૭૬, નાયક ૧૯૬૨-૬૩ : ૨૫૮ વગેરે) જો કે, ચૌધુરીએ મહમૂદ બેગડાના રાજ્યાશ્રયનો ઉલ્લેખ કર્યો નથી. મુસ્લિમોના સંસ્કૃતના અજ્ઞાન વિશે, હોડીવાલા : ૫૬૪-૬૬

૭. સર૦ સાંડેસરા ૧૯૫૪-૫૫, મધ્યકાળના પ્રતિનિધિ તરીકે આ લેખ પુનર્મુદ્રિત કરી શકાયો હોત.

૮. અ. ન. જાની તેમના લેખ 'કૉન્ટ્રિબ્યુશન અવ ગુજરાત ટુ મ્યુઝિકૉલજિ (સંસ્કૃત વર્ક્સ)'માં કૃતિઓની ચર્ચા કરવાને બદલે ગુજરાતના સંગીતકારોનો દંતકથાત્મક ઇતિહાસ આલેખે છે. (પૃ. ૪૬૨-૬૪). એમને વિદિત છે જ કે આ ક્ષેત્રમાં ગુજરાતનું પ્રદાન નગણ્ય છે. એ પોતે જ લખે છે : 'But so far as the activity of writing original works on musicology in Sanskrit is concerned, the contribution is poor. There are only two works in this field.'(પૃ. ૪૬૪) – પ્રશ્ન આપણને એ થાય કે તો પછી એ વિશે સ્વતંત્ર લેખની આવશ્યકતા હતી? –, અને પછી તરત જ પોતાના વિધાનને ભૂલી જઈ સામેના જ પૃષ્ઠે લખે છે : Thus it is the most valuable and unique contribution of Gujarat to musicology.' (પૃ. ૪૬૫. બન્ને વાક્યોમાં ભારસૂચન મારું છે.)

૯. સર૦ સૉલોમન ૧૯૯૮ : ૮૦-૮૧. 'Inscriptions in canonical Pali from India proper are relatively rare. Those examples which do occur are usually Buddhist inscriptions of cultic content..., such as the two Sarnath stone inscriptions... recording the 'Four Noble Truths' and the 'Buddhist creed.' પુનઃ પાદનોંધમાં એ લખે છે : 'It should be noted that some early (and even some more recent) epigraphic publications the term 'Pali' has been inaccurately used to refer to various other MIA(*scil.* Middle Indo-Aryan) dialects.' (પૃ. ૮૦, નોંધ ૨૯. ભારસૂચન મારું છે.) જો કે, અગ્નિ એશિયાના દેશોમાં, થાઇલેન્ડ અને બર્મામાં, અને કેટલેક અંશે શ્રીલંકા અને કંબોડિયામાં પણ પાલિમાં અભિલેખો મળે છે. (એ જ, પૃ. ૮૧)

૧૦. રુદ્રદામનના લેખનો સમય ઈ.સ.ની બીજી સદી (ઈ. સ.૧૫૦ પછીનાં દસેક વર્ષમાં) અને સ્કંદગુપ્તના લેખનો સમય ઇ.સ.ની પાંચમી સદી (ઇ.સ. ૪૫૫-૫૭) છે.

૧૧. વસ્તુતઃ /Z/ ગુજરાતી ધ્વનિતંત્રમાં છે જ નહીં, કારણ કે પંડિત લખે છે તેમ (૧૯૬૬ [૧૯૭૪ : ૧૩૫]), 'સંઘર્ષી તાલવ્ય ઘોષ ઝ બોઝ, આઝાદી જેવા આગંતુક શબ્દોમાં જ આવે છે. સામાન્ય રીતે, કેળવાયેલા લોકોના ઉચ્ચારણમાં જ એની ઉપસ્થિતિ ઘટક તરીકેની હોય છે; અને એ બહુ મર્યાદિત શબ્દોમાં જ આવે છે.' અને પુનઃ 'આ ધ્વનિઘટક હજુ ગુજરાતી ધ્વનિતંત્રની સીમા ઉપર છે, એની આંતરિક રચનામાંએ પ્રવેશી શક્યો નથી... ગુજરાતી ધ્વનિતંત્રમાં /Z/નું સ્થાન, હજુ, એક બહારના આગંતુક અંશ તરીકે ગણી શકાય.' (એ જ, પૃ. ૧૩૬).

જો પરિસ્થિતિ આવી હોય – અને મારાં તદ્વિષયક નિરીક્ષણોના આધારે કહી શકું કે પચીસ વર્ષેય આ પરિસ્થિતિમાં ઝાઝો ફરક પડ્યો નથી – તો પછી શુદ્ધ ગુજરાતી શબ્દો ઓઝા, ઝાલા, વગેર માટે 'Z' લખવાનો આધાર શો? સામાન્ય વ્યક્તિને આ શાસ્ત્રીય બાબતની જાણકારી ન હોય તેથી તે 'ફ' માટે 'F', 'ઝ' માટે 'Z' અને 'ક્ષ' માટે 'X' લખી નાખે, પણ સંસ્કૃતના કૉલિજ અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકો આમ લખે ત્યારે આપણી શિક્ષણપદ્ધતિ વિશે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

Bibliography

Bandopadhyaya, Sureshchandra ૧૯૬૨ સંસ્કૃત

સાહિત્યે બાંગાલીર દાન. કલકત્તા : સંસ્કૃત પુસ્તક ભંડાર.

Chaudhari, J. B. ૧૯૪૦ *Dvaraka-Pattal by Binabayi, Contribution of Woman to Sanskrit Literature*, vol. III. Culcutta : author.

Chaudhari, J. B. ૧૯૪૨ *Muslim Petronage to Sanskrit Learning*, part I. Culcutta : author.

Chaudhari, J. B and Roma Chaudhuri ૧૯૪૧ *Sanskrit poetesses*, vol. II. Culcutta : author.

Chopra, H. L. ૧૯૩૬ Sanskrit classics in persian, in V. Raghvan (ed.) *Proceedings of the First International Sanskrit Conference*, vol. II, part ૨, pp. ૧૧૧-૧૬. New Delhi : Rashtriya Sanskrit Sansthan.

Dandekar, R. N. (ed.) ૧૯૭૨ *Sanskrit and Maharashtra, a symposium*. Poona : Centre of Advanced study in Sanskrit, University of Poona.

Dikshit, S. B. ૧૮૯૬(૧૯૩૧) ભારતીય જ્યોતિષશાસ્ત્ર, દ્વિતીય આવૃત્તિ, પુણે.

Dutta, K. K. ૧૯૩૪ *Bengal's Contribution to Sanskrit literature*. Culcutta : Sanskrit College.

Dvivedi, Vrajavallabha ૧૯૯૨ નિગમાનિગમ સંસ્કૃતિ, વારાણસી : વીર શૈવ અનુસંધાન સંસ્થાન, જંગમવાડી મઠ.

Hodiwala, S. H. ૧૯૯૪ (rpt.) *History of Indian Muslims, a critical commentary on Elliot and Dowson's History of India as Told by its own Historians*. New Delhi : Atlantic publishers and Distributors.

Kunjunni Raja, K. ૧૯૫૮ *The contribution of Kerala to Sanskrit Literature*. Madras : University of Madras.

Majumdar, A. K. ૧૯૬૦ *Caulukyas of Gujarat*. Bombay : Bhartiya Vidya Bhavan.

Nagarajan, K. S, ૧૯૭૦ *Contribution of Kashmir to Sanskrit Literature*, Bangalore.

Nayak, C. R. ૧૯૬૨-૬૩ *Sanskrit books translated in to Arabic and Persian*, Journal of the Oriental Institue ૧૨ : ૨૫૧-૫૮.

Pandit, P. B. ૧૯૬૬(૧૯૭૪) ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન, દ્વિતીય આવૃત્તિ. અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી પ્રેસ.

Sandesara, B. J. ૧૯૫૪-૫૫ *Gangadasapratapavilasa* by Gangadhara, a historical Sanskrit play, etc. *Journal of the Oriental Institute* ૪ : ૧૯૩-૨૦૪.

Soloman, R. A. ૧૯૯૮ *Indian Epigraphy*. New York : Oxford University press.

Thapar, R. ૧૯૬૧(૨૦૦૦) *Ashoka and the decline of the Maurias*, ૨nd rvsd. ed. New Delhi: Oxford University Press.*

* આ લેખમાં અંગ્રેજી શબ્દોનું ગુજરાતી લિપ્યંકન સમીક્ષકનું જ યથાવત્ રાખ્યું છે; ગુજરાતી શબ્દોમાં એમણે દર્શાવેલા નાસિક્ય યુક્તાક્ષરોને, સમીક્ષકની સંમતિથી, અનુનાસિક બિંદીમાં ફેરવી લીધા છે : ઉ.ત. 'ગઙ્ગાદાસ'ને બદલે 'ગંગાદાસ' વગેરે.

– સંપાદક

વિવિદિષા – જે. આર. વઘાશિયા નાનકડા જ્ઞાનકોષરૂપ ચર્ચાપત્રસંગ્રહ

સહજાનંદનગર, સ્ટેશન પાછળ, ગોંડલ, ૨૦૦૦, કા.૭૨, રૂ.૬૦. ડંકેશ ઓઝા

કોઈપણ અખબારનું કે સામયિકનું અતિમહત્ત્વનું અંગ જો કોઈ હોય તો તે ચર્ચાપત્ર છે. આપણે સામાન્યપણે સમાચારોને અને તંત્રીલેખને મહત્ત્વ આપીએ છીએ. પરંતુ પ્રજાનો અવાજ અખબારના પાને સાંભળવો હોય તો તે ચર્ચાપત્રમાં જ સંભવી શકે. અંગ્રેજી અખબારો આ બાબત બરાબર સમજે છે. તેના પાયામાં લોકશાહીનો વિચાર છે. આપણે મૂળભૂત રીતે લોકશાહીવાદી નથી. અને તેથી પ્રજામતનો જરૂરી પુરસ્કાર કરવાનું આપણે શીખ્યા નથી.

'લંડન ટાઈમ્સ'માં પ્રગટ થયેલાં ચર્ચાપત્રોના ચાર સંગ્રહો પ્રકાશિત થયેલા છે. તે જ પ્રમાણે 'ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ પોતાના અસ્તિત્વનાં એકસો પચાસ વર્ષ પૂરાં થયાં ત્યારે જે ઐતિહાસિક પ્રકાશનો કર્યાં તેમાં એક દળદાર ગ્રંથ પસંદગીનાં ચર્ચાપત્રોનોય હતો.

અંગ્રેજી દૈનિકો જેટલું મહત્ત્વ ચર્ચાપત્રોને ગુજરાતી દૈનિકોમાં પ્રાપ્ત થતું નથી એ વાસ્તવિકતા છે.

આપણે ત્યાં બી. ટી. ત્રિવેદીએ પોતાનાં ચર્ચાપત્રોના બે સંગ્રહો બહાર પાડ્યા છે : એક અંગ્રેજીમાં, એક ગુજરાતીમાં. તે પૂર્વે, સુરતથી હરીશ કોઠારીએ 'મશાલ' નામનો ચર્ચાપત્રસંગ્રહ અને કુમારેશ ત્રિવેદીએ 'પ્રસ્થાન' નામનો સંગ્રહ બહાર પાડ્યો હતો. ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક રજનીકાન્ત જોશીએ ચર્ચાપત્ર-વિષયક લેખો, નમૂનારૂપ ચર્ચાપત્રો અને જાણીતા ચર્ચાપત્રીઓનાં સરનામાં સાથેનો એક સંગ્રહ પ્રસિદ્ધ કર્યો છે.

ઉપરનાં બધાં જ પ્રકાશનોમાં ગુણવત્તાની રીતે શિરમોર સમું નાનકડું પુસ્તક ગોંડળના વાણિજ્ય વિષયના અધ્યાપક જે. આર. વઘાસિયાએ પ્રસિદ્ધ કર્યું છે જેનું નામ છે : 'વિવિદિષા'. વિવિદિષા એટલે જાણવાની ઇચ્છા, જિજ્ઞાસા. અહીં એંસી જેટલાં ચર્ચાપત્રો મુકાયાં છે જે એક જ દૈનિક વર્તમાનપત્ર 'ફૂલછાબ'માં પ્રગટ થયાં હતાં. ધર્મ, વિજ્ઞાન, સંગીત, સાહિત્ય, ફિલ્મ, નાટક, રમતગમત, પુરાતત્ત્વ ને રાજકારણ જેવા વિવિધ વિષયો પર આ ચર્ચાપત્રો દ્વારા પૂરક માહિતી કે પૂરક વિચાર રજૂ કરવામાં આવેલાં છે. આમ કરતી વખતે ચર્ચાપત્રી લેખકે કોના લેખ પરની આ ટિપ્પણી છે તે સંદર્ભ કાઢી નાખ્યો છે. આ એક રીતે તેમની નમ્રતા સૂચવે છે. તે મૂળ લેખકને આ પુસ્તક મારફત અધૂરપવાળા કે દોષી તરીકે રજૂ કરવા માગતા નથી. આ ચર્ચાપત્રો વિષયવૈવિધ્ય અને વિષયનું ઊંડાણ જોતાં લેખકની બહુશ્રુતતાનો પરિચય કરાવે છે. પુસ્તકને ભગવતીકુમાર શર્માનો પ્રવેશક સાંપડેલો છે.

'ગુજરાતમિત્ર' દૈનિકમાં ચર્ચાપત્રોની કોલમને પૂરતી જગ્યા ફાળવી, નિયમિતતા બક્ષનારા બે અધિકારીઓ છે : એક ચંદ્રકાન્ત પુરોહિત અને બીજા ભગવતીકુમાર શર્મા. પ્રવેશકમાં ભગવતીકુમાર લખે છે : 'લેખક બધા વિષયો પર લેખો એકસરખી અધિકૃતતાથી લખી શકે છે. તેમનું બીજું ઊજળું પાસું તે તેમની અતિ ઝીણી દૃષ્ટિ. બારીકમાં બારીક હકીકતદોષ તેઓ પકડી પાડે છે. અને પછી સાચી કે પૂરક હકીકત રજૂ કરે છે. તેમનું વાચન અતિ-બહોળું હોવું જોઈએ. સંદર્ભોનો ખડકલો કરતાં તેઓ કદી અચકાતા નથી. આ બધું પાછું તેઓ એક ચર્ચાપત્રીની કદ-મર્યાદામાં ચુસ્તપણે રહીને પ્રસ્તુત કરે છે. તેમની લખાવટમાં પૂરતું લાઘવ છે. તદુપરાંત એક શોધકને શોભે તેવી ચોકસાઈ છે. સાદુંસીધું પણ સંમાર્જિત ગદ્ય તેમની સંપદા છે. રખે કોઈ માને કે પ્રો. વઘાશિયા માત્ર માહિતીપ્રિય ચર્ચાપત્રી છે. વિચારપૂર્ણ ચર્ચાપત્રો લખવાનું પણ તેમની કલમ માટે આસાન છે. એ વિચારોમાં સંકોચમુક્ત સ્પષ્ટતા છે, પણ અકારણ આક્રમકતા નથી. સમગ્રતયા તેમનું વલણ તથ્યથી સત્ય ભણી જવાનું છે.'

'ફૂલછાબ' દૈનિકના તંત્રી દિનેશ રાજાએ પણ પુસ્તકમાં આવકારરૂપે થોડા શબ્દો લખ્યા છે. તેમણે આ એંસી ચર્ચાપત્રોને નાનકડા જ્ઞાનકોષ રૂપ ગણાવેલાં છે. તેમણે એમ પણ લખ્યું છે કે ચર્ચાપત્રી કોલમો લખવાને બદલે અખબારમાં જોડાય તો સીધો તે તંત્રીલેખ લખી શકે તેટલો સજ્જ હોય છે. ઘણાંબધાં ચર્ચાપત્રોને અંતે છપાયેલી તંત્રીનોંધ પણ આ સંગ્રહમાં આમેજ કરવામાં આવી છે. જેમાં તંત્રીએ સતત આ ચર્ચાપત્રીની માહિતીને બિરદાવાનું કામ કર્યું છે. આ તબક્કે એ વાત યાદ કરવી જોઈએ કે 'ફૂલછાબ'ના મરહુમ તંત્રી હરસુખભાઈ સંઘાણીએ 'તંત્રીની ટપાલપેટી' નામનો સાપ્તાહિક વિભાગ રવિવારના અંકમાં શરૂ કરેલો, જે આજે પણ ચાલુ છે અને જેમાં પત્ર સાથે તંત્રીનો પ્રતિભાવ પણ અચૂક રજૂ થતો હોય છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં અખબારોમાં લાંબા ગાળાથી સ્થિર થયેલો આ સ્તુત્ય પ્રયોગ છે.

લેખક પાસે આગવી ભાષાશૈલી છે. (તેમના બે કાવ્યસંગ્રહો બહાર પડ્યા છે.) એમનાં ચર્ચાપત્રોની શૈલીનું એક ઉદાહરણ જોઈએ 'બાકી લોકશાહીમાં પણ દ્રોણાચાર્ય જેવા બ્રાહ્મણોએ શૂદ્રોના અંગૂઠા કાપવાનું કામ, વૈશ્યોએ અંગૂઠા પડાવવાનું કામ, ક્ષત્રિયોએ અંગૂઠા મારવાનું કામ આજ સુધી કર્યું છે ત્યાં વર્ણવ્યવસ્થા કેમ તૂટે?' તેવી જ રીતે બીજા એક પત્રમાં તેઓ લખે છે : 'દુઃખની વાત એ છે કે આપણે આપણી મહાન વિભૂતિઓની ખખડધજ ખાંભીઓ, ધૂળ ખાતા

પાળિયા અને બદસૂરત બાવલાં બનાવ્યા છે પણ તેઓના ક્યાંય કીર્તિસ્તંભો નથી.'

આપણે રાજકીય ગુલામીમાંથી મુક્ત થયા છીએ પણ શૈક્ષણિક ગુલામીમાંથી મુક્ત થયા નથી તેના ઉદાહરણરૂપે સમાચારોમાં દેશોના ભૌગોલિક સ્થાન માટે આપણે પશ્ચિમના દેશોની શબ્દાવલી જેમની તેમ અપનાવી લઈએ છીએ તે બફાટ તરફ પત્રલેખકે યોગ્ય ધ્યાન દોર્યું છે. આરબ દેશો પશ્ચિમના દેશો માટે મિડલ-ઈસ્ટ હોઈ શકે, આપણે માટે વેસ્ટ જ છે. તેમને માટે જાપાન ફાર ઈસ્ટ જ છે. તે જ પ્રમાણે ગુજરાતી વર્તમાનપત્રોમાં પણ ઉત્તર-પૂર્વ, દક્ષિણ-પૂર્વ, દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ જેવા તરજૂમિયા શબ્દો વપરાય છે અને આપણા દેશી શબ્દો અનુક્રમે ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય વપરાતા નથી તેની તેમણે યોગ્ય ટીકા કરી છે.

આપણે નામ બદલવામાં બહુ ઉત્સાહી છીએ. મહાત્મા ગાંધી જે વિદ્યાલયમાં ભણેલા તે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલનું નામ બદલીને 'મહાત્મા ગાંધી વિદ્યાલય' કરી દીધું છે. લેખકનો પ્રશ્ન સાચો છે કે 'નવી પેઢી વળતો પ્રશ્ન કરશે કે મહાત્મા ગાંધી પોતાના નામવાળા વિદ્યાલયમાં કેવી રીતે ભણી શકે? આ સમયે વડીલો શું જવાબ આપશે?'

કેટલીકવાર સુંદર વીગતો રસપ્રદ રીતે રજૂ થઈ છે. આપણી નદીઓનાં નામ મોટેભાગે નારીજાતિનાં છે. પરંતુ 'બ્રહ્મપુત્રા' એ સાચું નથી, ત્યાંના લોકો નદીને માતા નહિ પણ પુત્ર સમજે છે. તેથી નદીનું સાચું નામ 'બ્રહ્મપુત્ર' છે. રાણી પદ્મિનીના જૌહરની વાત બેબુનિયાદ છે અને એ જ રીતે સંયુક્તાના અપહરણની વાત પણ આધાર વિનાની છે તેમ લેખક જણાવે છે. તેઓ લખે છે કે શંકાસ્પદ લોકકથાઓ-દંતકથાઓ ફેરવિચારણા માંગી લે છે અને આ કામ આજના આપણા ઇતિહાસકારોનું છે. પોરબંદરની વાત કરતાં લેખકે 'રાણો, પાણો અને ભાણો'ની વાત રસપ્રદ રીતે રજૂ કરી છે. તે જ રીતે દરિયાખેડૂ માછીમારોની અંતિમવિધિને માટે પૂતળાં નહિ પણ 'પૂતળાવેલી' શબ્દની વાત અને તેની વિધિ સરસ રીતે વર્ણવી છે. હિન્દી ફિલ્મ 'ઘરોંદા' દિગ્દર્શક ભીમસેને તૈયાર કરેલી અને તેના અંગ્રેજી પર્યાય તરીકે 'The Nest' શબ્દ વાપરેલો જેનો પ્રતિવાદ કરીને પત્રલેખકે હિન્દી શબ્દના અર્થ તરફ ધ્યાન દોર્યું છે. તેમનું ફિલ્મનું જ્ઞાન પણ અદ્‌ભુત છે. એક પત્રમાં તેઓ લખે છે : 'ફિલ્મીસ્તાન સ્ટુડિયોના માલિકનું નામ શેષધર મુખરજી દર્શાવેલ છે જે ખોટું છે. સાચું નામ શશધર મુખરજી છે જે દેબ મુખરજી, જોય મુખરજી અને શોમુ મુખરજીના પિતા, તનુજા અને કાજોલના અનુક્રમે સસરા અને દાદા તેમજ પ્રસિદ્ધ અભિનેતાઓ અશોકકુમાર, કિશોરકુમાર અને અનુપકુમારના બનેવી થાય.' તે જ રીતે ફિલ્મ 'કાલા ગુલાબ' (૧૯૩૪)ની ગાયિકા મીનુ કપૂર નહિ પરંતુ મીનુ કૂપર છે તેમ લેખકે યોગ્ય રીતે જણાવ્યું છે.

કડવો લીમડો મીઠો બને (નારેશ્વરમાં આવો દાવો થાય છે) તે ઘટના ચમત્કારિક નહિ પરંતુ કઈ રીતે વૈજ્ઞાનિક અને કુદરતી છે તે વીગત લેખકે જણાવી છે. ચાંદીનો વરખ કેવી હિંસા દ્વારા નિપજાવવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું છે. આ પ્રક્રિયા જોતાં જૈનો તેનો ઉપયોગ ન કરી શકે અને આપણે પણ તે મીઠાઈ સ્વરૂપે તે ન ખાઈ શકીએ. વિવિધ પત્રો દ્વારા લેખકે તારણ કાઢ્યું છે કે પશ્ચિમી વિદ્વાનોની વિદ્વત્તાથી અંજાઈ જવાની જૂની ટેવ છોડવાનો સમય ક્યારનો પાકી ગયો છે.

આપણે ત્યાં કેટલાક સારા ચર્ચાપત્રીઓ પણ છે. જેમાં મારા મતે જે. આર. વઘાશિયા અને વિક્રમ દલાલ બે ધ્યાનપાત્ર અને નોંધપાત્ર છે. 'મારી તતૂડી' અને 'આંગળી ચીંધ્યાનું પુણ્ય' એ બે પુસ્તકોથી વિક્રમ દલાલે તેમના સ્વસ્થ અને ઉપયોગી વિચારો ચર્ચાપત્રો રૂપે રજૂ કરેલા છે. સુધીર ત્રિવેદી કદાચ છેલ્લા પચ્ચાસ વર્ષથી ચર્ચાપત્રો લખે છે. પરંતુ તે ગ્રંથ સ્વરૂપે સુલભ નથી. વઘાશિયા જેવા પત્રલેખકો અખબારોના બંધાણી વાચકોને નવા વિચાર, નવી દૃષ્ટિ, નવી માહિતી કે વીગત પૂરી પાડીને તેમને સમાજના સ્વસ્થ અને સક્રિય નાગરિક બનાવવામાં પરોક્ષ યોગદાન આપી શકે તેમ છે.

આ અંકના લેખકો

ધ્વનિલ પારેખ (કવિ : સંશોધન-વિદ્યાર્થી) : ૧, યુનિયનધારા સોસાયટી, મોદી બંગલા, અઠવા લાઇન્સ,સુરત ૩૯૫૦૦૧

વિનોદ ગાંધી (કવિ, વિવેચક : અધ્યાપક) : ૮૩, સુવિધાનગર, ભુરાવાવ, ગોધરા(પંચમહાલ) ૩૮૯૦૦૧.

માય ડિયર જયુ (વાર્તાકાર, વિવેચક : અધ્યાપક) અવનિલોક, શાંતિનગર, ૨૨૭૩ હીલડ્રાઈવ, ભાવનગર ૩૬૪૦૦૨.

દિલાવરસિંહ જાડેજા (વિવેચક, સંપાદક : નિવૃત્ત અધ્યાપક) : આશાપુરા, શ્રી અરવિંદમાર્ગ વલ્લભવિદ્યાનગર, ૩૮૮૧૨૦.

શરીફા વીજળીવાળા (વિવેચક, અનુવાદક : અધ્યાપક) : વિદ્યાર્થિની છાત્રાલય, એમ. ટી. બી. કૉલેજ, સુરત ૩૯૫૦૦૧.

હેમંત દવે (સંશોધન-વિદ્યાર્થી) : આર્કિયોલોજી વિભાગ, ડેક્કન કોલેજ, પૂણે, ૪૧૧૦૦૬.

ઉમેશ ઓઝા (સંપાદક : સરકારી અધિકારી) : ૬૯, આનંદનગર, સેકટર -૨૭ ગાંધીનગર - ૩૮૨૦૨૮.

કીર્તિદા જોશી (વિવેચક-સંપાદક :અધ્યાપક) : ૪૧-બી, શરણમ્-૨, શ્યામલ રો હાઉસ પાસે, સૅટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

અમી જોશી : (સાહિત્યની વિદ્યાર્થિની) : ૧૦-એ, રાયપુર સોસાયટી, કાંકરિયા, અમદાવાદ-૩૮૦૦૧૧.

૨૦૦૧નો ભાષાસમ્માન પુરસ્કાર : ચિમનલાલ ત્રિવેદીને

સંસ્કૃત-પ્રાકૃતાદિ પ્રશિષ્ટ ભાષાઓના તથા મધ્યકાલીન સાહિત્યના અધ્યયનક્ષેત્રે – મહત્ત્વનું પ્રદાન કરનાર બે ભારતીય વિદ્વાનોને 'ભાષાસમ્માન પુરસ્કાર' આપવાનું સાહિત્ય અકાદમી, દિલ્હીએ જાહેર કર્યું છે.

૨૦૦૧ના વર્ષનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મધ્યકાલીન સાહિત્યના આપણા એક મહત્ત્વના અભ્યાસી ચિમનલાલ ત્રિવેદીને મળે છે. બીજા પુરસ્કૃત ભારતીય વિદ્વાન છે મૈથિલીના જયકાન્ત મિશ્ર.

પચીસ હજારનો આ પુરસ્કાર ચિમનલાલ ત્રિવેદીને ઑગસ્ટમાં દિલ્હી નિમંત્રીને એનાયત થશે. **ચિમનભાઈને અભિનંદન..**

સાહિત્ય અકાદમી, દિલ્હીએ મધ્યકાલીન ભારતીય સાહિત્યકારો અને કૃતિઓના અંગ્રેજી અનુવાદોના ચયનના ગ્રંથો Medieval Indian Literature પ્રગટ કર્યા છે એમાં ગુજરાતી મધ્યકાલીન સાહિત્યનાં કર્તા–કૃતિઓના અનુવાદક-સંપાદક ચિમનલાલ ત્રિવેદી છે.

• ૨૦૦૦ના વર્ષમાં (જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન) ગુજરાતી સાહિત્યનાં સામયિકોમાં પ્રગટ થયેલાં સાહિત્યવિષયક આસ્વાદ-અવલોકન-સમીક્ષા-અભ્યાસલેખો-સિદ્ધાંતવિચાર-ચર્ચા-ઊહાપોહ અંગેનાં લખાણોને સ્વરૂપ-વિભાગ-અનુસાર, અને તે સ્વરૂપ-અંતર્ગત સમીક્ષા-આસ્વાદલેખ એવા પેટાવિભાગ-અનુસાર, અકારાદિક્રમે ગોઠવીને આ સૂચિ તૈયાર કરી છે.

• આસ્વાદ અને સમીક્ષાઓની સૂચિ કૃતિનામના ક્રમે કરી છે – લેખશીર્ષકને ત્યાં સમાવ્યું નથી. એ સિવાયનાં લખાણોની સૂચિ લેખશીર્ષકના ક્રમથી કરી છે.

ક્રમ આ મુજબ છે :

• **કૃતિનામ/લેખશીર્ષક(લેખક-/અનુ.-/સંપાદક-નામ) – સમીક્ષક/આસ્વાદક/વિવેચક**, સામયિકનામ, માસ, પૃષ્ઠ(-થી-)

• સમાવિષ્ટ સામયિકો(અકારાદિક્રમે) : અન્વય, અર્થાત્, ઉદ્દેશ, એતદ્, કવિલોક, કંકાવટી, કુમાર, ખેવના, તાદર્થ્ય, ધબક, નવચેતન, નવનીત-સમર્પણ, નાટક, પરબ, પ્રત્યક્ષ, ફાર્બસત્રૈમાસિક, બુદ્ધિપ્રકાશ, મોનો-ઇમેજ, રાજભાષા, વિ, શબ્દસૃષ્ટિ, સામ્પ્રત, હયાતી.

• ગયા અંકમાં કવિતાથી નાટક સુધીનાં સ્વરૂપોની લેખ-સૂચિ હતી, આ અંકમાં એથી આગળ. – સંપાદક

નિબંધ : સમીક્ષા

અમર પ્રવાસ નિબંધો (ભોળાભાઈ પટેલ) – કંદર્પ ર. દેસાઈ, પરબ, નવે., ૫૬-૫૯.

અરૂપસાગરે રૂપરતન (યજ્ઞેશ દવે) – રાધેશ્યામ શર્મા, શબ્દસૃષ્ટિ., ૬૫-૬૭.

આત્મચરિત્રાત્મક નિબંધસંચય (સંપા. ચિમનલાલ ત્રિવેદી) – ડંકેશ ઓઝા, પરબ, ફેબ્રુ., ૨૮-૨૯.

આલિંગનને કાટ લાગે છે (વિપિન પરીખ) – સિલાસ પટેલિયા, પરબ, મે, ૪૬-૪૭.

ખરતરગલીથી અત્તરગલી (સુરેશ દલાલ) – કપિલા પટેલ, બુદ્ધિપ્રકાશ, ઑગસ્ટ, ૧૬-૧૯.

ગૂર્જર લલિત નિબંધ સંચય (સંપા. ભોળાભાઈ પટેલ) – યજ્ઞેશ દવે, પરબ, માર્ચ, ૪૭-૪૯.

ગૃહસ્થાશ્રમ અને બીજા નિબંધો (મુકુંદ પારાશર્ય) – કીર્તિદા જોશી, બુદ્ધિપ્રકાશ, ૧૬-૨૦.

દેવોની ઘાટી (ભોળાભાઈ પટેલ) – પ્રવીણ કુકડિયા, પરબ, માર્ચ, ૫૬-૫૮.

દ્રોણાચાર્યનું સિંહાસન (બકુલ ત્રિપાઠી) – ચંદ્રકાન્ત શેઠ, બુદ્ધિપ્રકાશ, જાન્યુ., ૧૮-૧૯.

પંચમ (પ્રવીણ દરજી) – તૃષિત પારેખ, બુદ્ધિપ્રકાશ, એપ્રિલ, ૧૭૩-૧૭૫.

બાપુજીની બકરીની બકરીના બકરાનો બકરો (બકુલ ત્રિપાઠી) – રાજેન્દ્ર જોશી, પરબ, જાન્યુ., ૫૨-૫૪.

ભૂંસાતાં ગામચિત્રો (ભણિલાલ હ. પટેલ) – જયંત પાઠક, બુદ્ધિપ્રકાશ, જાન્યુ., ૨૦-૨૩.

